॥ હરિઃૐ ॥
Published by Hariom Ashram, Nadiad, Gujarat

હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)
Year : 9 • Issue : 3 • 5th Nov.; 2026 • Price : Rs. 10





સર્વે સ્વજનોને દિપાવલીની શુભેચ્છાઓ તેમજ નૂતન વર્ષાભિનંદન



પૂજ્ય શ્રીમોટાનો 129મો અવતરણ દિન ઉત્સવ–2026

(ભગત બીડી પરિવાર – નરોડા, અમદાવાદ)
















પૂજ્ય શ્રીમોટાનો ૧૨૯મો અવતરણ દિન




ભગત બીડી પરિવાર (નરોડા)
हरिः ॐ























પૂજ્ય શ્રીમોટા તરફથી સ્વાગતમ્ તથા ચેતવણી

— પૂજ્ય શ્રીમોટા

આનંદથી આવો. પ્રેમાવેશ સાથે આવો. હૃદયમાં શ્રદ્ધાવિશ્વાસનું મન ભરી ભરીને આવો. અમારી પાસે તો ભિખારીની ફાટીતૂટી કંથા પણ નથી. શ્રીભગવાનનું નામ છે. એનો ભંડાર છે. એમાં રહેલું ધન જે આવે ને લૂંટે તેના બાપનું છે. લૂંટાય એટલું લૂંટવાનું છે. એવી તાકાત આપણે કેળવવાની છે. ખુલ્લા દિલે આવો, સરળતાથી અને પ્રેમભાવથી આવો. અમારું હૃદયમંદિર તમારું સ્વાગત કરવા તૈયાર છે. કિંતુ સર્વ રીતે અને સર્વભાવે ભિખારી થવું પડશે એ પણ રાખવાનું છે. વળી, ત્યાં નર્યું સુખ નથી, રાતદિન વૈતર્યું જ કર્યા કરવાનું છે. એના રટણમાં, ચિંત્વનમાં ઉજાગરા કરી કરીને પ્રેમથી એમાં જ કેદ થઈ જવાની ઉત્કટ મનોવાંચ્છના સેવ્યાં કરવાની છે. એ બધું હૃદયથી કરવાની ઉમેદ હોય તો જ આ બાજુ મીટ માંડવાનું કરશો. એક પળવાર પણ અન્યથા બાજુ જવાનું મન કર્યે પાલવશે નહિ. જેટલું અન્યથી આપણે ભટકવાનું રાખ્યું તેટલું પારાવાર નુકસાન થવાનું છે. કિંતુ એવું એનું સ્પષ્ટ ભાન આપણને મનહૃદયમાં જાગેલું હોતું નથી એ જ આપણું મોટામાં મોટું કમનસીબ છે. એવું સતત જાગ્રતપણું કાયમ રાખી શકવાની તાકાત આપણે રાખવાની છેઃ એટલું જ નહિ પરંતુ એવું સતત જાગ્રતપણું રાખી શકવાની ચાનક, દિલમાં જલતી જ્યોત, જો ન રાખી શકવાના હોઈએ તો આમાં પ્રવેશવાનું તદ્દન નકામું છે, એ મારે તમને સ્પષ્ટ કહી દેવું જોઈએ. જેટલું લણશો એટલું કમાશો, અને જેટલું ખોવાશો એટલું મેળવશો અહીં પણ વેપાર જ કરવાનો છે અને વળી અહીં તો પળેપણ આપ્યાં જ કરવાનું છે અને એવી નિશ્ચયાત્મક શ્રદ્ધાયુક્ત બુદ્ધિ જાગ્રતપણે સતત પળેપળ રાખ્યાં કરવાની છે. એ પણ પળ અજાગ્રતપણે (ઊંઘમાં) કાઢી કે વિતાવી તો એટલું ઝેર આપણને ચઢવાનું છે. ચેતતો નર સદા સુખી એ કહેવત આ રાજમાર્ગમાં તદ્દન લાગુ પડે છે. જાગે છે તે જીવે છે ને ઊંઘે છે તે મરે છે એ પણ એટલું જ સાચું છે. સતત જાગ્રત રહીને આપણો યજ્ઞ ચાલુ રાખ્યાં કરવાનો છે. એમાં જો જરાક અજાગ્રત રહેવાથી મંદ પડવાપણું આવ્યું તો તે કેટલું ઊખેડી નાખી શકે છે, એની ખબર પણ આપણને પડતી નથી. દળી દળીને કુલડીમાં વાળ્યું એ વાળી વાત ત્યાં થાય છે.

'જીવનપગરણ આવૃત્તિ ૪, પૃ. ૨૯

વર્ષ-૯, અંક-૩ **હરિ:ૐ ગુંજન** નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૬
WEBSITE : www.hariomashram.in **E-MAIL : hariommota10@gmail.com**

ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

પમી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિ:ૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.

હરિ:ૐ આશ્રમ, નડિયાદ

આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮
પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭
રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧

લવાજમ

છૂટક નકલ : રૂ. ૧૦/- *વાર્ષિક : રૂ. ૬૦/-*
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- *દસ વર્ષ : રૂ. ૪૦૦/-*

પ્રકાશન સ્થળ : હરિ:ૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

મુદ્રક : *સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨*

અનુક્રમણિકા

ક્રમ	વિષય	લેખક	પૃષ્ઠ
●	પૂજ્ય શ્રીમોટા તરફથી સ્વાગતમ્ તથા ચેતવણી	શ્રીમોટા	૫
૧.	પૂજ્ય શ્રીમોટાનો ૧૨૯મો અવતરણ દિન ઉત્સવ : ૨૦૨૬	અહેવાલ	૭
૨.	શ્રી દલપતભાઈ પઢિયાર સાહેબનું ઉદ્‌બોધન		૮
૩.	પ્રભુ અને ભક્તનું ઋણ	શ્રી નંદુભાઈ શાહ	૧૪
૪.	મુક્ત અને મુખકાંતિ	શ્રી નંદુભાઈ શાહ	૧૫
૫.	પ્રશ્નોત્તરી-જીવનદર્શન		૧૭
૬.	સ્થળ-કાળ-ઋતુનો સ્પર્શ નહિ	સમીરભાઈ કીકાભાઈ પટેલ	૨૦
૭.	બાળકોને ગોંધી ન રખાય	શ્રીમોટા	૨૨
૮.	ફેરિયા તથા ઝાડુવાળા બની કૉલેજ ખર્ચ કાઢ્યું		૨૩
૯.	દુર્લભ દેહ મનુષ્યનો		૨૪
૧૦.	હરિ:ૐ આશ્રમ, નડિયાદનો વાર્ષિક અહેવાલ-૨૦૨૬		૨૭

હરિ:ૐ આશ્રમ, નડિયાદ

- **તા. ૦૮-૧૧-૨૦૨૬ : દિવાળી, દીપાવલી, ચોપડાપૂજન, સરસ્વતી પૂજન રવિવાર (સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન ચોપડાપૂજન કરવામાં આવશે.)**
- **તા. ૧૦-૧૧-૨૦૨૬ : નૂતન વર્ષારંભ (વિક્રમ સંવત ૨૦૮૩ પ્રારંભ) મંગળવાર**

નોંધ : (૧) ચોપડાપૂજનના સમયે સ્વજનો અગાઉથી જાણ કરીને હાજર રહી શકશે.
(૨) જે વેપારી/સ્વજનોને પોતાના ચોપડાનું પૂજન હરિ:ૐ આશ્રમમાં કરાવવું હોય તેઓએ તા. ૦૫-૧૧ ૨૦૨૬ના રોજ સાંજના ૫-૦૦ કલાક સુધીમાં ચોપડા આશ્રમમાં આપી જવા.

૧. પૂજ્ય શ્રીમોટાનો ૧૨૯મો અવતરણ દિન ઉત્સવ-૨૦૨૬

— અહેવાલ : રાજેન્દ્ર રાવલ

પૂજ્ય શ્રી મોટાના અવતરણ દિન (જન્મદિન) ઉત્સવ ૨૦૨૬ની તૈયારી છેલ્લા ઘણા સમયથી આશ્રમ તેમજ યજમાન શ્રી જાગૃતિબેન પટેલ ભગત બીડી પરિવાર તરફથી કરવામાં આવતી હતી. ઉત્સવ ઉજવવાનો અનેરો ઉમંગ યજમાન પરિવારમાં હતો. આમંત્રણ કાર્ડ, હોલ ભાડે રાખવો, કેટરીંગની તૈયારીઓ. આ બધુ જ ખૂબજ મહેનત અને આયોજન માગી લે તેવું કાર્ય હતું તમામ આગોતરી તૈયારી કરી લેવામાં આવે. હવે ઉત્સવ એક જ દિવસનો હતો પરંતુ યજમાનને ઉત્સવમાં આવનાર સ્વજનો બહારગામથી આવનાર સ્વજનોને ઉતારાની વ્યવસ્થા કરવાની હોય છે. જેથી તેમને વિચાર આવ્યો કે આગલે દિવસે સાંજે આવનાર માટે લવાછા, સૂરતના હરિ:ૐ મંડળ મારફતે કરાવીએ એટલે આવનાર સ્વજનોને સત્સંગનો લાભ મળે અને તે મુજબ આયોજન તાકીદે કરવામાં આવ્યું. વાયુવેગે સ્વજનોને જાણ કરી દેવામાં આવી અને નિર્ધારીત સમયે ઉત્સવની ઊજવણી આગલા દિવસે કરવાની શરૂઆત કરવામાં આવી. લવાછા મંડળ દ્વારા હરિ:ૐની - ધૂન ૫-૦૦ થી ૭-૦૦ સુધી કરવામાં આવી. ત્યારબાદ સ્વજનોને દૂધપાક, પૂરી અને પાત્રાનું સરસ મજાનું, ભોજન કરાવવામાં આવ્યું. બહારગામથી આવનાર સ્વજનોને ઊતારાનું આયોજન ખૂબ જ સરસ રીતે કરવામાં આવ્યું. આ વખતે સૂરત હરિ:ૐ આશ્રમનું આખુ ટ્રસ્ટી મંડળ પરિવાર સહિત આવેલ. તેમજ સૂરત અને લવાછાની લકઝરી બસોમાં અંદાજે દોઢસોથી પણ વધારે સ્વજનો ઉત્સવ માણવા માટે આવેલ.

બીજો દિવસ તા. ૪-૧૦-૨૦૨૬ને રવિવારના રોજ અમદાવાદ નરોડા તેમજ બહારગામના સ્વજનો સવારે ૭-૦૦ વાગ્યા પહેલા ઉત્સવના સ્થળે આવી ગયેલ સૌને માટે ચા-નાસ્તાની ઉત્કૃષ્ઠ વ્યવસ્થા કરવામાં આવેલ. સવારે બરાબર ૭-૩૦ કલાકે દિપજ્યોતિ પ્રગટાવી કરવામાં આવી. ત્યારબાદ ભાવિક પટેલ અને તેના વૃંદ દ્વારા સૌ પ્રથમ હરિ:ૐની ધૂનથી શરૂઆત કરવામાં આવી. ગુરુસ્તોત્રો, હરિસ્તવન, મોટા ચરણે જન્મદિન મંગલાષ્ટક તેમજ હરિ ભજનો સંગીતના તાલ સાથે ખૂબજ સરસ રીતે રજૂ કરવામાં આવ્યા. ભાવિક પટેલ દ્વારા કાબિલે દાદ કાર્યક્રમ કરવામાં આવ્યો. ભાવિક પટેલ અને તેના વૃંદને ખૂબજ ધન્યવાદ.

કાર્યક્રમ ખૂબજ સરસ રીતે અને સમયબધ્ધ થયો. ભજનો બાદ ઉત્સવમાં ઉદ્‌બોધન કરવા માટે માનનીય શ્રી દલપતભાઈ પઢિયાર સાહેબ દ્વારા સમયોચિત અને સચોટ રીતે ઉત્કૃષ્ઠ વક્તવ્ય આપવામાં આવેલું એમનું વક્તવ્ય અન્ય પેજ ઉપર છાપવામાં આવેલ છે.

શ્રી પઢિયાર સાહેબના વક્તવ્ય બાદ તેઓશ્રીનું શાલ ઓઢાડીને તથા એવોર્ડ આપીને બહુમાન કર્યું. ત્યારબાદ ડૉ. નિતીનભાઈ સુમન્ત શાહ સાહેબ નાદુરસ્ત તબિયતના કારણે હાજર ના રહી શકતા તેઓશ્રીના દીકરી શ્રી સોનાલીબહેને બહુમાન સ્વીકાર્યું અને આ ઉત્સવના યજમાન શ્રીમતી જાગૃતિબહેનનું બહુમાન કરવામાં આવ્યું. તમામ મહાનુભાવો તેમજ યજમાનનું બહુમાન બંને આશ્રમના ટ્રસ્ટીગણ દ્વારા કરવામાં આવ્યું.

ત્યારબાદ આશ્રમના મે. ટ્રસ્ટ્રીશ્રી જીતેન્દ્રભાઈ અમીને યજમાન શ્રી જાગૃતિ બહેન પટેલ, ડૉ. નીતીનભાઈ સુમન્ત શાહ સાહેબ વતી તેમની દીકરી સોનાલીબહેનનો આભાર વ્યક્ત કર્યો. તેમજ અન્ય નામી અનામી લોકોએ ઉત્સવના કાર્યક્રમને સફળ બનાવવા માટે હાજર રહીને જે સહયોગ આપ્યો તેમનું અભિવાદન અને આભાર વ્યક્ત કર્યો.

યજમાન જાગૃતિબહેન પટેલે ભગત બીડી પરિવાર વતી સર્વે સ્વજનોએ હાજર રહીને પૂજ્ય શ્રીમોટાનો અવતરણ દિન સમારોહ સફળ બનાવવા બદલ હૃદયથી આભાર માન્યો. હરિ:ૐ આશ્રમ નડિયાદને ઉત્સવના યજમાન બનાવીને ઉત્સવ ઉજવવાની તક આપી તે બદલ હૃદયથી આભાર માન્યો. **— રાજેન્દ્ર રાવલ**

૨. શ્રી દલપતભાઈ પઢિયાર સાહેબનું ઉદ્‌બોધન

પૂજ્ય શ્રીમોટાનો ૧૨૯મો અવતરણ દિન ઉત્સવ

આજનો આ મંગલ દિવસ આપણા સૌને માટે રાજ્યને માટે, દેશને માટે, વિશ્વને માટે બહુ આનંદનો દિવસ છે. આજના દિવસે એક મહાન ચેતનાનો આ ધરતી પર ગૌરવનો અને આત્મસાધનાનો દિવસ છે. પૂજ્ય શ્રીમોટાનું આજના દિવસે ધરતી પર અવતરણ થયેલું જેને આપણે અને બધા જ પૂજ્ય શ્રીમોટા તરીકે વંદીએ છીએ, સ્મરીએ છીએ. એમના સ્મરણ માટે આટલું રૂડું આયોજન થયું છે અને એ નિમિત્તે મને બોલાવ્યો એને મારું સદ્‌ભાગ્ય ગણું છું. આ સમગ્ર આયોજનના યજમાન ભગત બીડીવાળા પરિવાર અને આશ્રમના ટ્રસ્ટીઓને વંદન કરું છું.

પૂજ્ય શ્રીમોટાની શાશ્વત ચેતનાને આ ક્ષણે હૃદયથી વંદન છે. આ એક એવું નામ છે કે જેનું વ્યક્તિગત નામ (ચુનીલાલ) બધા ભૂલી ગયા છે. દરેક પોતપોતાના વ્યક્તિગત નામોથી ઓળખાય છે. જેમ બ્હેને કહ્યું કે દલપતસિંહ પઢિયાર એ મારું વ્યક્તિગત નામ બની ગયું છે. પણ પૂજ્ય શ્રીમોટા, એ મોટા આખું નામ વ્યક્તિ ફક્ત નામ નહીં અસ્તિત્વનું નામ મોટા તરીકેનું મોટા કહો એટલે બીજું કોઈ નહીં. એમાં પછી ચુનીભાઈને યાદ કરવાના રહેતા નથી. પૂજ્ય મોટા તરીકે આપણે બધા એમના નામથી તો રડિયાત છીએ, પણ એમના કામથી એથી વધારે રડિયાત છીએ. એટલે જેમનું વ્યક્તિગત નામ ઓગળી જાય અને જેનું વ્યક્તિત્વ જેના ગુણનું નામ મોટું થાય એ મોટા. મોટા એટલે કોણ, મોટા એટલે કે જે નાના નહિ તે. આવી સાદી વ્યાખ્યા આપણે કરી. હવે નાના એટલે કેવા, નાના એટલે નાનામાં નાના. પાછા જેમ અણુ સૌથી મોટો હોય અને નાના અને મોટા એટલે પૂર્ણ પણ, એટલે શૂન્ય અને પૂર્ણ આ બંનેની એ. એક છેડાથી વાત કરીએ તો બધી વાત પૂર્ણતામાં જાય છે. એટલે મોટા જેનું નામ જ મોટા લાગે કે આ નામ આપ્યું. બધા જાણે અને તો મોટા કઈ રીતે થયા છે. આ વાત માટે હું મારું વ્યાખ્યાન કરવા આવ્યો નથી. હું મારો આનંદ વ્યક્ત કરવા આવ્યો છું. પૂજ્ય મોટાને મેં બે-ત્રણ વખત જોયેલા છે. એટલે મોટાના દર્શન મારી બાળ ઉંમરથી જ એ મારા ચિત્તમાં છે. હું જેમ બ્હેને પરિચય આપ્યો તેમ વલ્લભ વિદ્યાલય બોચાસણમાં મારું પાંચમા ધોરણથી શિક્ષણ શરૂ થયેલું. રવિશંકર મહારાજનો એ આશ્રમ અને એમના દ્વારા સ્થપાયેલો પછી નડિયાદમાં પણ વિકૃલ કન્યા વિદ્યાલયમાં આવવા-જવાનું અને હું વિદ્યાપીઠનો સ્નાતક, અનુસ્નાતક. પીએચ.ડી. અને તેમનો અધ્યાપક પણ છું. એટલે મોટા બરાબર અંદર-બહાર નજરમાં છે. બાળપણમાં એમની છબી જોયેલી. ત્યારે આમ તાકીને જ જોઈ રહેતા કે આ આવું આમ ને આમ મોઢું જોઈએ. ઉપર માથે એક સરસ મજાનો પટકો (પાઘડી) કે જુદું- જુદું અને જોઈને આપણને એમ કશું ના બોલે તેમ આપણને (પાઘડી) આખું વ્યાખ્યાન દર્શન થાય એવું વ્યક્તિત્વ એટલે પૂજ્ય મોટા.

પૂજ્ય મોટાને જાણ્યા તો પછી, પણ જાણવાનું જ પછી જ હોય પહેલાં તો દર્શન જ ભવ્ય હોય છે. મૂર્તિનું દર્શન ભવ્ય હોય છે જાણીએ ન જાણીએ તો કંઈ બહું વાંધો નથી આવતો તેમ મોટાને જોયા હોય તો પરિપૂર્ણ થવાય. ગાંધીજીને જોયા હોય તો પરિપૂર્ણ થવાય. દર્શન માત્ર આપણને આનંદ આપે એવી વ્યક્તિઓમાંના એક એ પૂજ્ય મોટા છે ને અને મારો આનંદ તો એ છે કે પૂજ્ય મોટા જ્યાં ભણેલા એ ગુજરાત વિદ્યાપીઠમાં સ્નાતક પૂરું નહિ થયેલું એ વિદ્યાપીઠનો હું સ્નાતક છું. એ અમારા પૂર્વજ વિદ્યાર્થી ગણાય અને એટલે પૂજ્ય મોટા હવે એવું નામ રહ્યું નથી. જેમ ભગવાનનું નામ ભગવાન છે અને મોટાનું નામ મોટા જ. કોઈને પણ કહો એમનું સ્મરણ થાય એટલે મોટા કેમ બન્યા. મને એમ થયું

કે મોટા નામ એમના જન્મ વિશે, એમના નિર્માણ વિશે, એમના બધા કાર્યો વિશે બહું લાંબી વાતો થઈ શકે પણ હું તો કેવળ મને ગમતી થોડીક, મને એમની બધી વાતો ગમે છે, પણ મને મોટા કેમ જેમ વાંચવામાં આવ્યું અને જે સમજમાં આવ્યું છે. એનાથી સમજાય છે કે એ એમનો જન્મ સાવલીમાં અને પાંચ વર્ષની નાની ઉંમર પછી કાલોલમાં જઈને એમનું કુટુંબ વસેલું. કારમી ગરીબી, ખૂબ દુઃખો વેઠેલા માતપિતાની સેવાભક્તિ બહુ ઊંચી પિતાજી મોટા ભગત, માતાજી મોટા સમર્પિત અને આખા સમાજને ગળદે એવા સેવાભાવી. પોતાના પરિવારના બીજા નંબરના પુત્રએ પૂજ્ય મોટા પણ એ વખતે આ પૂજ્યમોટાનું જે ચુનીલાલ નામ હતું ત્યારે એમણે આખા કુટુંબમાં જે જોયું. આખુ પરિવાર એમના માતાજીને જે મોટા ઘરોમાં દળણા દળવા પડતા, પિતાજીને ખૂબ મહેનત કરવી પડતી રંગરેજનો ધંધો આ આખી વાત એમને દેખાતી પણ એમને વાત કે મોટા, ઘરોમાં કામ કરતાં 'માં' એટલે જે મોટા મોટો પુરુષો હોય, મોટા સમાજમાં પ્રતિષ્ઠિત એટલે આ મોટાપણું. એટલે બહારનું પણ મોટાપણું. પદની રીતે નહીં, સંસ્કારની રીતે નહીં પણ સ્થાનની રીતે નહીં માટે એટલે કે કંઈક એવું કે જ્યાં બધા પોતાને બધા એને આદર કરે આવા ભાવથી એમનો એક ભાવ પોષાતો ગયો. મારી 'માં' - મોટા ઘરોમાં કામ કરવા જાય. પછી એવું બન્યું કે પિતાજી પણ એવા સરસ માણસ કે ત્યારે કાલોલમાં જેવો સમય જેવો સમય એવો, એવી જગ્યા કે ત્યાં ચોરડાકુઓનો ભય, ત્યાનું રાજ પહેલાં સિપાહીઓ - રાત્રે રખેવાળી કરતા વળી જાણતા એમ નથી. પણ મને ગમે છે એટલે હું કહું છું કે ત્યાં પછી એક દિવસ રાત્રે પેલા ફોજદારને પોલીસની ટીમ ફરે ત્યારે તે વખતે કાલોલના ઘરે બહાર એમના મહેમાનો સૂતેલા. પછી પોલીસવાળાએ કીધું કે આ કોણ છે તો કે મહેમાનો છે. તો પછી તમે નોંધ કેમ નથી કરાવી. જે તમારા ઘરે આવ્યા છે. પહેલાં એવો નિયમ હતો કે બહારથી કોઈ આવે અને કાલોલમાં રહે તો એમને ત્યાં કોણ આવ્યું તેના નામો લખાવા પડતા. મહેમાનને આપણે ભગવાન ગણીએ એ મહેમાનના નામો લખવાના અને એ ન પળાય તો પાછો આ તંત્ર અત્યાચાર કરે એમને જેલમાં પૂરવામાં આવે પછી મોટા તે વખતના નાના ચુનીલાલ એમના 'મા' જે ઘેર કામ કરતા હતા એ ઘેર જઈને કીધું 'પિતાજીને આવું થયું' એ પણ મોટા જ કહેવાય અને જઈને કહે રાત્રે એ મોટો માણસ નીકળે છે. અને ત્યાં પોલીસ ચોકીમાં જઈ અને એમને છોડાવી લાવે એટલે મોટા શું આ એક ભાવ, આ એક આદર્શ આ એક ખ્યાલ પ્રતિષ્ઠાનો નહીં પણ મોટા એટલે મોટા છે. મોટા એટલે કેટલા થાય, માપ નથી, એનું કદ પણ નથી, મોટા ગુણથી મોટા, મોટા આચરણથી મોટા, મોટા આદર્શથી મોટા, મોટા જીવનથી મોટા એટલે મોટા. હોદ્દાથી મોટા તો ઘણા હોય છે જીવનથી મોટા હોવું એ મોટા આપણને શીખવે છે. છોડાવી રહ્યા પછી થયું કે આ બધાને જે સલામ કરે છે એવા બધા મોટા, મોટા જેવા તો આપણે મોટા થવું તો કેમ કરવું. આ જે બાળ ઉંમરથી એક જિજ્ઞાસાવૃત્તિ જગતને જોવાની વૃતિ, જગત વિશ્વના ન્યાય અન્યાયની વૃત્તિ સારાસારના વિવેકની દ્રષ્ટિ કંઈક બાળકમાં પહેલેથી આવી રીતે ઉભરતી થઈ તો આ માટે તો શિક્ષણ લેવું જ પડે અને શિક્ષણનો ભાવ જાગ્યો. મોટા થવા એટલે સમાજ ઉપર વર્ચસ્વ કરવા નહીં મારું ધાર્યું થાય અને હું સમાજને ઉપયોગી થાઉં જો. અર્થમાં મોટાએ મોટા મારું નામ બની જાય આપણે અંદર બે શબ્દો એવા છે એક ગુરુ શબ્દ અને બીજો મોટા એટલે મોટા ગુરુ એટલે મોટું અને લઘુ એટલે નાનું તો નાનું એટલે નાનું પણ ગુરુ એટલે એ મોટું. મોટું એટલે કેટલું મોટું તો કે જેમાં આપણે આમ એક સાદો દાખલો ગણીએ જે જે ગુરુ પણું 'ગુરત્વ વિશાળપણું પૂજ્ય મોટામાં પદે પદે વર્તાય છે એ અર્થમાં હું વાત કરું છું. એમના બાલયોગીજી અને એમના જે ગુરુઓ છે એમને ગુરુને કેટલા ધાર્યા હશે. ગુરુને કેટલા અંદર

એને સેવ્યા છે આની વાત કરતાં મને આ સમજાય છે. ગુરુ એ કેવડું એટલે મોટું, મોટું એટલે તો ગુજરાતમાં સમાય એવડું તો ના ગુજરાત શેમાં સમાઈ જાય તેવડું તો ગુજરાત ભારતમાં સમાય તો ગુરુ કે એટલે ભારત જેવડું તો કહે ના ભારત પણ જેમાં જ્યાં સમાય છે તો દુનિયા જેવડું. તો કહે ના દુનિયા પણ જેમાં સમાય છે. એ તો કહે વિશ્વ જેટલું ના જે વિશ્વ પણ જેમાં સમાય છે એ ગુરુ. ગુરુ એટલે બધું વધતા વધતા વધતા જે શેષ અને પછીએ બહાર રહે એ ગુરુ છે. આ મોટાના અર્થમાં આપણા ગુરુ છે. મોટા પમાય એમ નથી મોટાનું તો મનથી સ્મરણ જ થાય. આ મોટાની આગવી મોટી સરસ રીત આ ભાઈ રાખીને બેઠા છો. બહેનો, બાળકો ક્યારના સવારથી આ યજ્ઞમય છે. ભાવમય છે. અને સરસ મજાની, ભજનની આખી લ્હાણ મેં માંડી. આખી ગંગાસતીથી માંડીને એમના બધાં ભજનો સાંભળ્યા. સરસ રીતો રાખી છે. આ આખું વાતાવરણ એક મંદિર જેવું બનાવ્યું છે. કેટલા બધા વડીલો બેઠા છે. શેને માટે બેઠા છે. ગુરુનો જેને આપણે માનીએ છીએ એના પ્રત્યેનો આદર કરવા બેઠા છીએ. એટલે પહેલેથી બહુજ પરિશ્રમ વૃત્તિ ભણ્યા, કાલોલમાં ભણ્યા, પેટલાદમાં ભણ્યા, વડોદરામાં ભણ્યા, ગાંધીજીની હાકલ પડી તો વડોદરાથી નીકળી ગયા. આ પહેલાથી જાગ્રત થઈ મોટા, મોટા, મોટા એટલે બહુજ સૂક્ષ્મ અર્થમાં ફરી એ કહું છું કે આપણે એવા મોટા થવું કે આપણે ત્યાં મોટા થનારા ને માટે કબીરે સરસ કહ્યું છે સાહેબ **બડા હુઆ તો ક્યા હુઆ જૈસે પેડ ખજુર** આપણે ત્યાં આવા ઘણા મોટાઓ હોય છે. **બડા હુઆ તો ક્યા હુઆ જૈસે પેડ ખજૂર, પંછી કો છાયા ન મિલે ફળ લાગે અતિ દૂર.** મોટા આપણી પાસે હોય એજ ખોળામાં લે આ તે કેટલા જ એવા મોટા હોય તો દેખાય નહિ. નજરમાંય ના આવે. ઉચું પડે એટલે એ કોઈ પેડ કે ખજૂરની ટીકા નથી કરી કબીરે અંદરનો જે માટે મોટાનો અહંકાર છે એ આપણને માણસોથી દૂર લઈ જાય છે જ માટે મોટાનો અંદરનો મારીને જે માણસ પાસે લાવીને ઊભો રાખ્યો છે. **પંછી કો છાયા ના મિલે ફળ લાગે અતિ દૂર** એવા મોટાઓય આ જગતમાં કદી સાતા આપી શકે તેમ નથી. આ સંત આધુનિક યુગનો એવો વિજ્ઞાનવાદી સંત છે. ગાંધીજીએ જેમને અધ્યાત્મ-શાસ્ત્રના વિજ્ઞાની કહ્યા છે. હવે અધ્યાત્મ પણ મને એક વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જે જીવનારા છે. માત્ર અમુક નહીં તો જીવન સાથેનો અનુંબધ છે. મારે આ સમાજને બેઠો કરવો છે. આ સમાજ મારો ભગવાન છે, સમાજ મારો દેવ છે. આવું જેને દર્શન થયું છે ને ઉપનિષદનું દર્શન છે. ઋષિનું દર્શન છે. એક આર્ષદૃષ્ટ્રાનું દર્શન છે અને પછી એ રીતે જીવ્યા છે જીવનની શેષ ક્ષણ સુધી. આવો જ એનો સંકલ્પ છે એ ક્યારેય નાના ના હોઈ શકે ને નાના મોટું જેવું ન હોઈ શકે આ સંતની કોટી આપણે ત્યા સંતોનું બહુ મોટું પ્રદાન છે. એમની વાતો કરી એટલે કે આવો આજના જમાનામાં અને એ સંત એટલે માત્ર માણસ નહીં હરિ:ૐનો મંત્ર મળ્યો છે એનું તો રહસ્ય બહુ જુદું છે. આપણે બોલીએ છીએ તો આટલા ઊંડાણથી નહીં બોલતા હોય એવું લાગે છે અને બોલતે બોલીએ છીએ એવું ની કે, નથી બોલતા પણ જેમ મોટાએ જે હરિ:ૐ પહેલા તો કહ્યું 'ભાઈ આ કંઈ હોય મંત્ર બોલવાથી વાત થઈ જાય. આ બહુ આ કેવળ બહુ સૂક્ષ્મ માણસ વૈજ્ઞાનિક દ્રષ્ટિથી પણ પછી થયું કે ના આ નામ તો મોટું છે. અને ગાંધીજીએ મોર મારેલી કે ના ભાઈ નામસ્મરણ તો નામસ્મરણ જ છે. ગાંધીજીને ખબર એમની અને રંભાકાકીએ કહ્યું રાતે બીક લાગે તો રામ રામ બોલજો. આ આપણા ભારતવર્ષની જ્ઞાનધારાનું, ઉપદેશધારાનું, જીવનધારાનું શાસ્ત્ર છે. એટલે સંતની કોટિના આ સાધકને માટે અને સંતો સમાજ માટે, જગત માટે, જે દુ:ખી છે એના માટે જેટલું તપ્યા છે એટલું તપ કર્યું છે જેટલું રડ્યાં છે, જેટલું જાગ્યા છે એટલું કોઈ નથી જાગ્યું' કબીર સાહેબની બીજી એક સાખી યાદ આવે છે કે **સુખીયા સબ સંસાર ખાયે અર સો એ દુખીયા દાસ કબીર. જાગે અરૂ રોએ છે** કોઈ તકલીફ ખાઈ પીને ઊંઘવાનું જ. સંતોની ઊંઘ ઊડી છે મોટા જેવાની ઊંઘ

ઊડી ગઈ છે કે મારો સમાજ એને ક્યારે હું બેઠો કરું. એસા કોઈ ના મિલ્યા જાસું રહી હે લાગી એવો કોઈ ના મળ્યો જેને હું ભેટી પડું. **સબ જગ જલતા દેખીયા અપની અપની આગી.** આખું દુનિયા પોત પોતાના પરિતાયોમાં પોત પોતાના સંતાપોમાં બળી રહ્યું છે. સંતો જ એવા છે કે જઈને ઊભા રહ્યા છે. આમ છાયા પાથરનારા છે. આ નિત્યની છાયામાં પાથરનારા પરમ ચેતનાઓ છે. ચેતનાઓના એમનું સ્મરણ એક ચિત્તમાં એક છબી ધારણ કરીને બેસજો. આમ અંદરની શાતા આવશે દર્શન સાધકો ધ્યાન મૂલમ ગુરુમૂર્તિ, ગરુમૂર્તિનું ધ્યાન ધરવું આમે ગુરુ એ કોઈ શરીર તત્ત્વ નથી એ નક્કી જાણજો. પણ જ્યારે ગુરુ તત્ત્વને આવવું હોય છે ત્યારે કોઈ માધ્યમનો આશ્રય લે. પૂજ્ય મોટા મળે. બાળયોગીજી મળે આ બધા મળ્યા મળે આપણને શરીરના માધ્યમથી દરેક સમાજને, દરેક દેશ ને દરેક ધર્મ સંપ્રદાયને પોતાના ગુરુ, પણ એ ગુરુ તો બહારની ઓળખ છે. અહીં જન્મ્યા આને તે એ તો જરૂરી છે. પણ ગુરુત્ત્વ એટલે સંપૂર્ણપણું જેનામાં વિકસેલું છે એવા ગુરુ આજના યુગમાં મોટા સ્વરૂપમાં મળ્યા છે. નહીંતર આટલો બધો સમાજ આ બાળકો નાના નાના પણ અહીં બેઠા છે એનામાં ગુરુતત્ત્વની બલિહારી છે. યાદ રાખજો એવા કઈ રે સીધી રીતે આમ આવતું નથી. ગુરુતત્ત્વ એ ક્યારે આવે છે એ કઈ દિશામાંથી જાય છે ખબર નહીં પડે બાપ. મોટાએ કહ્યું કે હું આવવાનો છું બોલો પાછો આવવાનો છું. એ એ જ કહી શકે. નરસિંહ તો કહે આપણે આપવું જ નથી ને નરસિંહ એમ કહે કે હરિના જન તો મુક્તિ ના માગે. માગે જનમ જનમના અવતાર આ માટે મુક્તિ જોઈતી જ નથી. અમારે તારું દર્શન કરવું છે. તારી મોજ કરવી છે. તારું ભજન કરવું છે. એટલે અમારે વારેવારે જન્મવું જ છે. પૂજ્ય મોટાની વાતો બહુ નોખી છે. અને એવું પણ કહ્યું કે હું સ્ત્રી વેશે આવવાનો છું. એમના પ્રવચનોમાં છે. અને સ્ત્રી વેશે કઈ હું અહિંયા અહિયાં વ્યક્તિઓ વણવા નથી આવવાનો આવું પણ લખ્યું છે. આ શબ્દો છે તો કેટલું મોટું દર્શન છે. અને કેવું નારી દર્શન છે. કેટલું વિશ્વદર્શન છે. મુક્તિ એટલે કંઈ છુટી પડવાનું નથી, મુક્તિ તો મારી ફરજ છે. આ રાષ્ટ્રવાદી સંત છે. રાષ્ટ્રના માટે નીકળી પડ્યા છે. દેશ માટે નીકળી પડ્યા છે. દુનિયા માટે નીકળી પડ્યા છે. લોકો-લોકો માટે નીકળી પડ્યા છે. એટલે આવા સંતોની બલિહારી છે. શું ચિંતન કર્યું છે 'હું આ બોલી રહ્યો છું. તો મને લાગે છે કે આ મૌનનો આટલો મહિમા કરનારા માણસને માટે આટલું બોલવાનું જ ના હોય. હું તો દ્રોહ કરી રહ્યો છું, એટલે બોલવાનું શેનું પણ ના બોલીએ. આપણો આપણા આનંદ માટે બોલીએને. હા હા તમે સાર કર્યું હતું. ખાધા હોય તે વખત કરીએ જ એ પહેલી કરીએ છીએ આ દર્શન માત્ર થયું. માટે કેટલું બધું લખ્યું છે. અને એક વખત સમજાઈ ગયા પછી પાછા પાછા પડ્યા નથી. અને બધાને એ ચમત્કારના માણસ બધા ચમત્કારો અગણિત થયા છે. એમની સાથે સાવ નિકટતા ધરાવનારા, એમની પાસે જનારા બધાને પોત પોતાની વાતો ખબર છે. કેટલીક નોંધમાં પણ છે. કેટલીક જગ્યાએ સાહિત્યમાં પણ છે. પણ આ ચમત્કાર માટે જન્મેલા માણસ નથી. ચમત્કાર તો સાવ જુદી ચીજ છે. પરમાત્માની દયાથી બધું થાય એ આપણા માટે કરાવે. બહુ વાસ્તવવાદી હતા. કહી દે કે ને આ વાત એમને ખબર પડતી હતી. હા એક એવી કક્ષાએ હતા. એમની સમાધિની એવી અવસ્થાએ હતા કે એને ત્રણેય કાળનું જ્ઞાન હતું એવું એમણે આપણે ન કહીએ તો પણ એવું સમજાય છે.

ગાંધીજીની વેદના છે : મારા દેશના લોકોને લુગડા ના મળતા હોય તો મારાથી કેમ લુગડા પહેરાય. બે સ્ત્રીઓને એક જ સાડીથી ચલાવવું પડતું હોય તો મારાથી કેમ લુગડાં પહેરાય ? એટલે એમણે શરીર ઉપર એક જ વસ્ત્ર ધારણ કર્યું. આ સંતોની વેદના છે. એમને ત્યારથી એટલે પીઆરએલ જે છે તે એના આવા અને આવી કેટલી બધી સંસ્થાઓને દાન આપ્યું, જ્ઞાન ગંગોત્રી શ્રેણી આ વિશ્વકોશ જેમાં હું અત્યારે આપણા ગુજરાતના સંતો ઉપર કામ કરી

રહ્યો છે. એ પુસ્તક એ પૂજ્ય મોટા વિશે પણ સરસ લેખ તૈયાર થયો છે. એટલે ચમત્કારના જો એ એતો કહે ને એમાં શું થાય એ પરમાત્મા કરે છે. હું કરું છું, એ વાત નથી. એટલે ચમત્કાર આપણે એમ કહીએ કે ગરુડેશ્વરની મોટી ભેખડ ઉપરથી એમણે નર્મદામાં જંપલાવ્યું. પણ ઘરની પરિસ્થિતિ જેવી હતી મોટાભાઈને ટી.બી.ની બીમારી હતી. એમને જ માથે હતું. પિતાજીનું અવસાન થઈ ગયેલું. મોટાભાઈનું અવસાન થતા માં ઉપર અને ભાભી ઉપર આખું વજન આવ્યું અને ભીંસ તો રહી. આ ભીંસમાંથી એમને હૃદય, ફેફસાનો રોગ લાગુ પડ્યો. આપણે જેને ફેફરું કહીએ છીએ ફેફરુંની બીમારીથી એટલા બધા હેરાન થયા હશે કે આ જીવનને ટૂંકાવવું. ગરુડેશ્વરની ભેખડ ઉપર જઈને જંપલાવ્યું. એ લખે છે કે મેં તો જંપલાવ્યું મને થયું કે હવે આ બધું થાય એવું નથી. એટલે પડ્યા તો તો કોણ જાણે એવા વંટોળમાં એવા વ્હેણમાં મને બહાર લાવીને મૂકી દીધો. પછી મને થયું કે હું મને આ સાધન નાશ કરવા માટે આપ્યું નથી. આ મહા શરીર ખારું ધર્મ સાધન આ દેહધર્મ સાધના માટે. ધર્મ એટલે માત્ર સાંપ્રદાયિકતા નહીં. ધર્મ એટલે માનવધર્મ, સેવાધર્મ. આના માટે આપ્યો છે ને એ પછી એવાં લાગી ગયા છે ને જેને એમણે કહ્યું હતું કે તમને આ જે ફેફરાનો રોગ છે તે એટલે હરિઃૐનું સ્મરણ કરો. એટલે હરિઃૐ આ તો કેવું સારું લાગે છે. કેટલું અને આશ્રમોનું નામ પણ. આ પ્રકારના મૌનમંદિરો કર્યા. મૌનમંદિરોની વાત કરતી વખતે હું બોલ્યા કરું છું. મને ક્યારનું ભાન થાય છે કે આ બધું બંધ થાવ. હવે બોલવું તો પડશે ને થોડું ભણાવવું હોય તો શિક્ષકે. હું કંઈ ભણાવવા નથી આવ્યો, પણ કંઈક આપણે પહોંચાડવું હોય તો વાત તો કરવી પડશે એટલે આ ચમત્કાર નથી કે ચમત્કાર નથી પણ મને મનને જાગ્રત કર્યો. ચેતના કે આ દેહ વેડફવા માટે નથી કંઈક કરો પછી એ હાર્યા નથી કે નથી થાક્યા. અને કેટલું બધું ફર્યા, હિમાલય ફર્યા, હરિજન સેવકમાં ગયા, જેલમાં ગયા. સન્ ૩૦ થી ૩૨ સુધી જેલમાં ગયા અને ત્યાં એમણે **'જીવનગીતા'** નામનું પુસ્તક આપ્યું. આ વિદ્યાર્થીઓને ભણાવવા માટે એ સમજી શકે એવી ભાષામાં, એવી વાણીમાં, એવા સ્વરૂપમાં ગીતાજીનું દર્શન મૂકવું. તો એમણે કર્યું. એમણે એ સમશ્લોકી અનુવાદ છે. ગીતાનો સમશ્લોકી અનુવાદ નથી ભાવાનુવાદ છે અને ભાવાનુવાદ એમનો પહેલો એ હતું ગાંધીજીએ કહ્યું જેમ કોષીએ સીમને ખેતરમાં કોષ ચલાવનારો માણસ સામાન્ય દૂરનો છેવાડાનો માણસ સમજે એવી શકાય એવી રીતે ગીતાનું જ્ઞાન પહોંચાડવું છે. આમણે એવી રીતે એનું આખું સરસ જીવનગીત લખી છે. એક એક શબ્દ લઈને હું તો થોડોક અભ્યાસ કરીને આવેલો મારા માટે આવેલો અને મને તો મળ્યું એટલું એમાંથી એવા સરસ સુંદર વાક્યો કર્યા છે. બધાને સમજાય એની પરીક્ષા કેમ કરવી. એટલે એમના 'મા' એને માં પાસે થોડો હિસ્સો વાંચીને સંભળાવેલો. એટલે 'માં'ને જો સમજાય તો બધાને સમજાય. એટલે માએ કીધું સરસ છે. આ બરાબર છે. એટલે ગીતાના સમશ્લોકી નહીં પણ ભાવાનુંવાદમાં આવડા મોટા ગહન જ્ઞાનના ગ્રંથને લોકોની ભાષામાં મૂકવા માટેની પહેલી પરીક્ષામાં એ 'મા' પાસે પાસ થઈ ગયા. પછી તો બધાને જોવાનું રહ્યું જ નહિ. આવા એક મોટા સાહિત્યકાર કેટલા બધા પુસ્તકો લખ્યા છે. કવિ છે. કેટલી હમણાં સરસ રચનાઓ રજૂ થઈ. આ રચનાઓ અને કેટલું ગદ્ય લખ્યું છે. એના વિશે જીતેન્દ્રભાઈને કહ્યું છું કે એક સાહિત્યની શિબિર પણ કરીને થોડા જ તો રસ લો એવી આવી એક એક વિષયની વાત પણ થાય. બાળકોને લાગતી બાળકોની પણ વાત કરીએ. બધા જ યુવાનોને કેમ કરીને હું એમની પ્રવૃતિઓ વિકસાવી બધાજ વિષયો માત્ર અધ્યાત્મ એટલે કેટલું કેટલુંક આપણે સામાન્ય રીતે બંધાઈ ગયેલી વાત નહીં એક રીતે બરાબર છે. પણ સમગ્ર જીવનને સ્પર્શતી બધી જ શાખાઓ, કલા, સંસ્કૃતિ બધા માટે પણ અનુદાન આપ્યા છે. આ આખા

આવડું મોટું દર્શન, આવડું મોટું સમાજ ઉદ્ધારનું કામ જેમના હાથે થયું છે. એવા એ ચેતનાને વિશે તો આમ કેટલું બોલ્યા કરું પણ શું બોલવું છેવટે છેલ્લા દિવસે આ સાધનને એમણે જ્યાં સમાવ્યું છે. એમણે કેવું કેવું પોતાના પોતાને થયું કે આ શરીર હવે કામ આપે એવું રહ્યું નથી. ત્યારે એ નિશ્ચય કર્યો કે હવે આ શરીરને સમાપ્ત કરવું એટલે ૧૯૭૬માં એમણે મહી નદીને કાંઠે ફાજલપુર ખાતે પોતાનો, પોતાના બહુ જૂજ સાથીઓની સાથે કેટલો મોટો માણસ કોઈ નહીં. આટલું દર્શન છે ને ખબર હતી કે મારે હવે એમને જેમ ભીષ્મ પિતાને ખબર હતી કે હવે આ સમેટવાનું છે. આટલા દિવસે પોતાની રીતે નક્કી કર્યું કે હવે હું જઈશ. આ શરીરને હવે રાખીને હવે કામ નથી. શરીર છોડી દેવું. એમણે નજીકના સ્વજનો માત્ર છ જણની હાજરીમાં નિર્ણય જાહેર કર્યો અને એમની હાજરીમાં જે અગ્નિસંસ્કાર થયો ત્યાં છેલ્લા દિવસોની વાતો કેટલીક વાંચીને સંભળાવવા જેવી છે. બાળકોને નાના-નાના ટુકડા આપણે થોડાંક આવા કરીને, થોડીક નાની પત્રિકા જેવું કરવું જોઈએ, જેમાં ટ્રસ્ટ બધું સરસ કામ કરી રહ્યું છે. નાનું તમે સરસ મેગેઝીન કાઢો છો, એમાં આવું આવે જ છે અને આ માણસ પછી છેલ્લી મિનિટે શું કર્યું. પોતાના હરિસ્મૃતિ જેમ રમણભાઈ અમે કહ્યું કંઈક એમના ત્યાં અને પછી કહ્યું કે હવે મને કોઈ સ્પર્શ કરશો નહીં મને કોઈ બોલાવશો નહીં અને એ સૂઈ ગયા. સૂઈ ગયા પછી એમનું જે લખ્યું છે અને કેટલાયે કીધું લખ્યું છે જે વાંચવા જેવું અત્યારે પણ નહીં વાંચ્યું પણ આ આપણી ભારતવર્ષની પરમ ચેતનાનો આવિષ્કાર પ્રાગટ્ય અને સમાપન બહુ અદ્‌ભુત હોય છે. **જબ તુમ આયે જગતમે જગ હસે તુમ રોઈ. ઐસી કરની કર ચલો તુમ હસો જગ રોઈ.** આ ગયા ત્યારે આખું જગત રડ્યું છે પણ એ પોતાની મોજથી પોતાના કાર્યને પૂર્ણ કર્યાના એક આંતરિક સંતોષ સાથે ગયા છે. આવી આ સંત જિજ્ઞાનીને હૃદયથી વંદન. અગ્નિ સંસ્કારથી સીધો એમના શરીરને જળમાં સંકેલી લીધો છે. આવી રાષ્ટ્રવિભૂતિ અધ્યાત્મ અને સમાજ, જ્ઞાન અને વિજ્ઞાનનો સમય હોય અને કોઈપણ કાળમાં કોઈપણ દેશકાળમાં જેના શબ્દો નાશ પામે એવા નથી એવું જ્ઞાન આપનારા પૂજ્ય મોટાની ચેતનાને આપ સૌની સાથે વંદન કરીને હું મારી વાણીને વિરામ આપું છું. ૐ શાંતિ.

– સંકલન : રાજેન્દ્ર રાવલ

હરિ:ૐ આશ્રમ, નડિયાદને પાછલા બે માસ દરમ્યાન મળેલ દાન

(૧) ઑગષ્ટ, ૨૦૨૬	૨,૪૫,૬૭૪.૦૦
(૨) સપ્ટેમ્બર, ૨૦૨૬	૨,૪૫,૬૫૦.૦૦

હરિ:ૐ ગુંજનને આર્થિક સહયોગ

ક્રમ	નામ	ગામ	રકમ
(૧)	કોકિલાબેન પ્રકાશભાઈ અમીન	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦
(૨)	ઉમેશભાઈ શામજીભાઈ પટેલ (હસ્તે કેતનભાઈ)	અમદાવાદ	૧,૦૦૦.૦૦
(૩)	ફાલ્ગુનીબેન જયેશભાઈ પટેલ	અમદાવાદ	૧,૦૦૦.૦૦
(૪)	કુંજબાળાબેન હરિહરભાઈ પુરોહિત	નડિયાદ	૧,૦૦૦.૦૦
(૫)	કાવ્ય જિગ્નેશકુમાર ઠક્કર	અમદાવાદ	૫૫૧.૦૦

૩. પ્રભુ અને ભક્તનું ઋણ — – શ્રી નંદુભાઈ શાહ

મદ્રાસના એક વેપારીએ પારાની બાટલીનો વેપાર કરેલો. ભાવ ગગડ્યા. આથી, તેમની મોટી મૂડી તેમાં ડૂલ થઈ ગઈ. લગભગ બધી મૂડી સાફ થઈ ગઈ. તેઓ દોડતા પૂજ્ય શ્રીમોટા પાસે કુંભકોણમ્ આવ્યા. પૂજ્ય શ્રીમોટાએ તેમને ખૂબ ભાવથી આવકાર્યા. પેલા વેપારીભાઈએ પૂજ્યશ્રી સમક્ષ પોતાની તમામ હકીકત રજૂ કરી. પૂજ્યશ્રીએ તેઓની સમસ્યા હલ કરવા સલાહ આપી. ખૂબ ભાવથી જણાવ્યું, ''નિશ્ચિંત રહો, ભાવ ઊંચા જશે ને તમારી મૂળ સ્થિતિ પર તમે આવી જશો.'' સાથે સાથે સ્પષ્ટતાપૂર્વક કહ્યું, ''જે ક્ષણે ભાવ તેટલી કક્ષાએ આવે તે બાદ વધુ લોભ ન રાખતાં તે વેળા બધો માલ વેચી દઈ ચોખ્ખા ને છૂટા થઈ જજો.''

પૂજ્ય શ્રીમોટાએ જ્યારે આવી સલાહ આપી તે સમયે બજારના વાતાવરણમાં પારાના ભાવ ઊંચા આવવાની કશી આશા ન હતી. આ બીના બનેલી ઈ.સ. ૧૯૫૦-૫૧ દરમિયાન. પ્રભુનું કરવું અને પૂજ્ય શ્રીમોટાની વાણી ફળી અને ભાવ ઊંચા આવ્યા. તે વેપારી ભાઈએ એ સલાહ પ્રમાણે વર્તન કર્યું અને પૂર્વ સ્થિતિ પર આવી ગયા. પૂજ્યશ્રીએ તેમને આપેલ હિંમત અને વચન સફળ થયું. આ ઘટનાનો ઉલ્લેખ થતાં **પૂજ્ય શ્રીમોટા એવું બોલેલા, ''પ્રભુ અમારો, અમારું કદી કોઈનું ઋણ ઊભું નથી રખાવતો. દર વખતે આવું વચન ન પણ આપી શકાય, પણ જેનો રોટલો પેટમાં પડ્યો હોય તેનું ઋણ મારો વહાલો કોઈ ને કોઈ રીતે ફેડી આપે છે. બધી કરામત એની છે. અમારું કશું નથી. અમે મફતનું કશું લેતા નથી. લઈએ છીએ તે પણ લોકોના ઉપયોગ માટે. અમારા પોતાના અંગત ઉપયોગને માટે તો અમારે કશાની જરૂર નથી.** લોકોનાં જીવન સદ્‌ભાવનામાં કેમ કરીને ઊંચે ચડે તેવી કોશીશ થઈ શકવાની સરળતા સારુ સ્થપાયેલા **આશ્રમો માટે લેવાનું બને છે અને આ આશ્રમો ઉભયને-દાતાને અને લેનારને-પરસ્પર એક સ્થળ-meeting-common ground of platform–પૂરું પાડે છે. તે અંગે લેવાનું બને છે અને તેવું લેવાનું પણ આપનારના વિકાસ માટે-વિકાસ સાધવાની તકને માટે બને છે. એ રીતે અમો કોઈનું ઋણ સ્વીકારી રાખતા નથી.**

આવા તો કેટલાંય દૃષ્ટાંત પૂજ્યશ્રીના જીવનમાં અનુભવ્યાં છે.

(આશ્રમની અટારીએથી - ચોથી આ., પૃ. ૭૭-૭૮)

અનુસંધાન પાના નં. ૧૬ પરથી

મહાવિદ્વાન શુક્રાચાર્ય એકાક્ષી (એક આંખે કાણા) હતા. આપણે સૌ સમજી શકીએ કે એક આંખવાળી માનવ આકૃતિ આકર્ષક તો ન જ સંભવી શકે. છતાં તેઓ મહાજ્ઞાની હતા. દાનવોના ગુરુ હોવા છતાં દેવો કે દેવપુત્રો પણ તેમની પાસે અભ્યાસ કરવા તલસતા હતા. આ આપણા પુરાણનો દાખલો કેટલો ઉત્તમ છે !

આમ, આકૃતિના બાહ્ય દેખાવ અને ગુણવિકાસ કે આધ્યાત્મિકતાને કશો સંબંધ નથી. એવું બધું તો ભ્રામક હોવાનું. મજનૂ, લયલાની નજરે મજનૂ હતો. તેવું જ આપણી સંત પ્રત્યેની ભક્તિ અંગે પણ છે. આપણી ભક્તિ આપણી ઈષ્ટ વ્યક્તિમાં એવું આકર્ષકપણું દેખાડે કે મનાવે તે તો ઉત્તમ જ છે. પણ તે દ્રષ્ટિ બધાને લાગુ પડવી જ જોઈએ તેમ ના માનીએ. પાર્વતીજીએ ભભૂત લગાડેલા શિવજીમાં ભારોભાર રૂપ જોયું તે પાર્વતીજીની પોતાની આંતરિક આધ્યાત્મિક દ્રષ્ટિ ને લીધે જ.

(આશ્રમની અટારીએથી - ચોથી આ., પૃ. ૭૯-૮૨)

૪. મુક્ત અને મુખકાંતિ

– શ્રી નંદુભાઈ શાહ

એક સાધકે મને પ્રશ્ન પૂછ્યો, **''મુક્તના મુખ ઉપર એક જાતનું તેજ, ઓજસ, કાંતિ હોય છે. ખરું ને ?''** આ જાતનો પ્રશ્ન એ પહેલાં પણ બીજાઓના મુખેથી સાંભળવા મળ્યો છે. ઘણા લોકો મહાન વ્યક્તિઓને જોઈને કહેતા સાંભળ્યા છે, ''કેવી કાંતિ મુખ પર ઝળહળે છે ?'' આવું પૂજ્ય મહાત્મા ગાંધીજી વિશે પણ તેમના ભક્તો, પ્રશંસકો અને અનુયાયીઓને કહેતા સાંભળ્યા છે. સામાન્ય જનતાને પણ આવું કહેતી સાંભળી છે.

આ અંગે મારો અભિપ્રાય જુદો પડે છે. સામાન્યતઃ તો એમ બને છે કે અમુક વ્યક્તિ મહાન છે તે ખ્યાલથી જ આપણા પોતાના તેમના પ્રત્યેના ભક્તિ અને ભાવને કારણે આપણને મુખ ઉપર તેજ જણાય છે. બાકી, વાસ્તવમાં તેવું હોતું નથી. દા.ત. મહાત્મા ગાંધીને કોઈ ઓળખતું ના હોય એવા સ્થળમાં અને વાતાવરણમાં રસ્તાની એક બાજુએ ઊભા રાખીએ કે બેસાડીએ અને ત્યાંથી અનેક નરનારી પસાર થશે તોપણ કોઈને તેમના મુખ ઉપર કાંતિ નહિ દેખાય તેવું જ સદ્‌ગત શ્રી રમણ મહર્ષિ વિશે પણ કહી શકાય. તેમની સરખામણીમાં બીજી બે મહાન વ્યક્તિઓ - સ્વામી રામદાસ અને પૂજ્ય શ્રી અરવિંદને લઈએ તો એ બંનેને જોતાં જ સૌ કોઈ વંદશે. તેમના પ્રતિ આકર્ષાશે. મારી સમજણે તે બંનેનો રંગ શુભ્ર છે એ કારણ છે. મુખાકૃતિ આકર્ષક છે. મુખ ઉપર એક જાતની ચામડીનો ચળકાટ છે. શ્રી અરવિંદને તો ભવ્ય દાઢી પણ છે. શ્રી અરવિંદ જેવી જ મુખાકૃતિવાળા-ભવ્ય દાઢીવાળા એક ભાઈને હું જાણું છું. તેમને પણ સમાજમાં એ રીતે પ્રતિષ્ઠિત કરીએ તો અન્યને આકર્ષી શકે એમાં કોઈ શક નથી. આમ છતાં વાસ્તવમાં તેઓ તો સાવ સામાન્ય સંસારી જીવ છે. આ ઉપરથી સહેજે સમજી શકાશે કે મોટે ભાગે જે લોકો આકર્ષાય છે, તે તો આંતરિક ગુણવિકાસને કારણે નહિ પરંતુ બહારના ભવ્ય દેખાવને કારણે. એવા પણ આકર્ષક ચહેરાવાળી વ્યક્તિઓ મેં જોઈ છે કે જેઓને જોતાં જ સહેજે કોઈને વંદન કરવાનું મન થાય. તેમાં વળી એવી વ્યક્તિએ જો ભગવાં વસ્ત્રો પહેર્યાં હોય અને તેમની નામના સંત તરીકેની કે સાધુ ભક્તજનની હોય તો સૌ કોઈ આકર્ષાય અને પગે લાગે. આમ છતાં તેમની આધ્યાત્મિક ભૂમિકા મુદ્દલે પેદા થઈ નથી. અરે ! જગતના સામાન્ય માનવીના કરતાં પણ ઊતરતી કક્ષાની તે વ્યક્તિ હોય ! જ્યારે બીજી બાજુથી અનાકર્ષક વ્યક્તિઓ એવી જાણી છે કે જેનો આધ્યાત્મિક વિકાસ ઘણી ઉચ્ચ ભૂમિકાએ થયો હોય ને મુક્ત પણ હોય .

હમણાં અમે બે માસ ઉપર શુક્લતીર્થની નજીક મંગલેશ્વર ગયેલા. ત્યાં જાણ્યું કે ત્યાંથી ત્રીસ માઈલ દૂર વસતો એક અનાર્ય ભીલ કાળો સીસમ જેવો, વૃદ્ધ, તદ્દન ગામડિયો પણ નહિ પરંતુ જંગલમાં વસનારો જંગલી ગણી શકાય એવો એ માનવી મુક્ત દશામાં વિહરે છે. તેમના વિશે જે જે પ્રસંગો જાણ્યા તે ઉપરથી સહેજે અનુમાન થઈ શકે કે તેમની કક્ષા ઘણી ઉચ્ચ હોવી જોઈએ. આમ છતાં જો આ જ વ્યક્તિ આપણા શાકબજારમાં ઊભી હોય તો તેને મજૂર ધારીને શાકનો ટોપલો ઊંચકવા આપણે જરૂર બોલાવીએ ને 'તું' 'તા' પણ કરીએ.

આપણી જાણમાં આવેલ એવી ઘણી આધ્યાત્મિક વ્યક્તિઓને બે વિભાગમાં વહેંચી શકાય એમ છે. એક વિભાગમાં તદ્દન અનાકર્ષક આધ્યાત્મિક વ્યક્તિઓ અને બીજા વિભાગમાં ભારે આકર્ષક વ્યક્તિઓ. એક તદ્દન સામાન્ય દાખલો ટાકું. શ્રી હેમંતભાઈ અને હું આજથી પંદરવીસ વર્ષ ઉપર ઘણી જગાએ સાથે જતા-આવતા. જ્યાં અમને બેઉને ખાસ કોઈ ઓળખતું ન હતું. ત્યાં મારા તરફ માનઆદર બીજાને પ્રગટતું અને હેમંતભાઈ તરફ

તેમાંનું કશું અનુભવાતું નહિ. જ્યારે અમારા બંનેની કક્ષામાં ગુણવિકાસમાં ઘણો મોટો ભેદ હતો. મારી દ્રષ્ટિએ તેમની (હેમંતભાઈની) સરખામણીમાં મારો ગુણવિકાસ લગારે ટકી શકે એમ ન હતો. સરખામણી જ ન થઈ શકે. છતાં બહિર્ પરિણામ જૂદું અનુભવાતું. તેનું કારણ 'બહારનો દેખાવ.' એટલે તે વખતથી મારી તો સમજણ દૃઢ થતી આવેલી કે લોકો તો બહારના દેખાવથી આકર્ષાય છે, ને નહિ કે આંતરિક ગુણની પરીક્ષાથી, કારણ લોકોને આંતરિક ગુણવિકાસની શી ખબર પડી શકે ? आकृति गुणान् कथयति । એવી જે સંસ્કૃત ઉક્તિ છે તે હંમેશાં સાચી નથી. એવું અંતરનું તેજ જોવા માટે જોનારની પોતાની ઉચ્ચ આધ્યાત્મિક દ્રષ્ટિ હોવી જોઈએ અને તેથી જ સમાજ પાસેથી વ્યાપકપણે આપણે એવી દ્રષ્ટિની અપેક્ષા ન રાખી શકીએ, કદી જ નહિ.

આ પ્રકારના વિચારને સ્પષ્ટ કરવા માટે આપણી પૌરાણિક કથાઓમાં ઘણા પ્રસંગો હોય છે. અષ્ટવક્રને નિહાળીને જનક રાજાની આખી સભા ખડખડાટ હસી પડી હતી અને તેથી જ તો અષ્ટાવક્રને કહેવું પડ્યું હતું, હે રાજન્ ! તારી સભામાં બધા મોચીઓ છે કે શું ? કારણ કે તેઓ હાડમાંસને જ જોનારા છે ! આ અષ્ટાવક્ર તો મહાન જ્ઞાની હતા એ સર્વવિદિત છે.

સોક્રેટિસ દેખાવે આકર્ષિત ન હતા. તેમનો હોઠ એટલે બધો તો જાડો, મોટો અને બેડોળ હતો કે તે નર્યા બાહુક જેવા લાગતા, છતાં વાસ્તવમાં તેઓ ડહાપણના ભંડાર અને પરમ જ્ઞાની પુરુષ હતા.

અનુસંધાન પાના નં. ૧૪ પર

ગયેલા આત્માને શ્રદ્ધાંજલિ

૧. **સ્વ. રાજકુમાર મૌનીબાબા :** ફિરોજપૂર, દેહાવસાન તા. ૧૫-૦૮-૨૦૨૬
મૌનીબાબા ફિરોજપૂરના રાજકુમાર હતા તેઓશ્રી પૂજ્ય શ્રીમોટાના અનન્ય ભક્ત હતા. તેઓશ્રી કુંભકોણમ્ આશ્રમમાં મૌનમાં બેઠેલ. ત્યારે પૂજ્ય શ્રીમોટાએ કહેલું કે તું એક વર્ષ મૌનમંદિરમાં સળંગ બેસે તો તારો ઉદ્ધાર થઈ જશે. પરંતુ ગમે તે કારણોસર એક વર્ષમાં થોડોક સમય બાકી હતો અને તેઓને મૌનમંદિરમાંથી બહાર નીકળવું પડ્યું. ત્યારબાદ તેઓશ્રી અવારનવાર હરિ:ૐ આશ્રમ નડિયાદ, સુરતમાં મૌનરૂમમાં બેસતા હતા. છેલ્લા વર્ષોમાં નાદુરસ્ત તબિયતને કારણે મૌનમાં બેસી શકેલ ન હતા. તેઓનું દેહાવસાન ફિરોજપૂર ખાતે તા. ૧૫-૦૮-૨૦૨૬ના રોજ થયેલ છે.

૨. **સ્વ. પિયુષભાઈ દેસાઈ :** (ચેરમેન વાઘબકરી ગ્રૂપ) અમદાવાદ ખાતે ૧૮-૦૯-૨૦૨૬ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. તેઓશ્રી આશ્રમને અવારનવાર દાન આપતા હતા અને હાલમાં પણ દર મહિને બે કિલો ચા-આશ્રમ માટે વર્ષોથી મોકલી આપે છે.

૩. **સ્વ. વર્ષાબેન હરેશભાઈ ત્રિવેદી :** - અમદાવાદ ખાતે તા. ૨૧-૦૯-૨૦૨૬ના રોજ લાંબી માંદગી બાદ ગુરુશરણ થયેલ છે. તેમના પિતાશ્રી રજનીભાઈ જાની સાહેબ હરિ:ૐ આશ્રમના ટ્રસ્ટી હતા. તેમજ તેઓની સ્કૂલ શ્રેયસ વિદ્યાલય વડોદરાનું ઉદ્ઘાટન પૂજ્ય શ્રીમોટાએ કરેલુ. રજનીભાઈ જાની સાહેબ પૂજ્ય શ્રીમોટાના અંતરંગ વર્તુળના અનન્ય ભક્ત હતા.

૪. **સ્વ. નિર્મળાબેન નટવરલાલ વાંકાવાળા**નું અવસાન તા. ૨૮-૦૯-૨૦૨૬ના રોજ સુરત મુકામે થયેલ છે. તેઓશ્રી દિલીપભાઈના માતુશ્રી થાય જે સુરત આશ્રમમાં ખૂબજ ઉમદા સેવા આપી રહ્યા છે. અને તેમના દીકરા શ્રી જીમીતભાઈ કે જે સુરત આશ્રમના ટ્રસ્ટી છે. તેઓના દાદી ૯૭ વર્ષની વયે છેક છેલ્લે સુધી એટલે કે અંતિમ શ્વાસ સુધી હરિ:ૐ નું સ્મરણ કરતાં કરતાં પૂજ્ય શ્રીમોટાના શરણચરણમાં સમાઈ ગયા.

શ્રી હરિ મોટા સર્વે ગતાત્માનું કલ્યાણ અને શાંતિ પ્રેરે તેવી પ્રાર્થના

૫. પ્રશ્નોત્તરી-જીવનદર્શન — શ્રીમોટા

સવાલ : સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિમાં શો ફેર ?

જવાબ : સમાધિ એટલે મહાસમાધિની જે દશાથી કરીને આખરનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે સ્થિતિમાં તેવી સમાધિમાં નિર્વિકલ્પ કે સવિકલ્પ એવા ભેદ નથી હોતા. સવિકલ્પ એટલે વિચારોવાળું. તે એવી વિચારવાળી સ્થિતિને સમાધિ નામ જ ના આપી શકાય. **'સવિકલ્પ' સમાધિનો ખરો અર્થ તો સગુણનો અનુભવ.** એમાં વિચાર ના હોય. **સવિકલ્પ સમાધિ એટલે વિચારવાળી ના ગણાય.**

સવાલ : નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થનાર વ્યક્તિ મુક્ત ના હોય તેમ સંભવી શકે ખરું ?

જવાબ : હા, તેવું પણ શક્ય હોય છે, તેના શરૂ શરૂના ગાળામાં થોડાક કાળ બાદ તે મુક્ત જરૂર થઈ શકે ખરો. દરેકને તેવું થયા પછીનો કાળ અમુક જ હોય કે જાય એવું કશું નથી.

સવાલ : કેટલાંક મૌનમાં બેઠેલાં ભાઈબહેનોને તેમના એકાંતના ગાળા દરમિયાન મૌનમંદિરમાં તમારા સ્થૂળ દેહનાં દર્શન પ્રત્યક્ષ થયાંનું તેઓ જણાવે છે, તો આ હકીકત યથાર્થ હોઈ શકે ખરી ?

જવાબ : આ (પોતાનું શરીર બતાવીને) ગમે ત્યાં હોય તોપણ તે ત્યાં પણ હોઈ-જઈ શકે છે.

સવાલ : તો બધાંને તેવું કેમ દેખાતું નથી ?

જવાબ : એવી શ્રદ્ધા જોઈએને ? શ્રદ્ધા વિના તે શક્ય નથી. **આ** શરીર ત્યાં આવજા કરે છે.

સવાલ : પોતાની ગત ભૂલો અને દોષોની વેદનાનું વારંવાર ઊઠી આવવું અને વારંવાર તેને વ્યક્ત કરતા રહેવું, 'તેવું ફરીથી ના બનો' તેવું વારંવાર પ્રાર્થતા રહેવું, સ્મરણરટણ કરતાં રહેવું, એ સાધના માટે શ્રેયસ્કર હોઈ શકે ખરું ?

જવાબ : ના, તેમ તેનું રટણ અને પુનઃ પુનઃ ઉચ્ચારણ કે યાદ મદદરૂપ નથી, ઊલટાં બાધક બને છે. એકવાર તે બધું બરાબર સમજી લઈને તેનો ખરો હૃદયપૂર્વકનો પ્રશ્ચાત્તાપ કરીને પછી તેવા વિચારો આવતાં તેમને વહી જવા દેવા. તેની સાંકળ પણ ના જોડવી.

સવાલ : સેક્સ (કામવાસના), વેલ્થ (લક્ષ્મી) અને પાવર (સત્તા) આ ત્રણ ઉપરનો જેને કાબૂ હોય, તે મુક્ત ના પણ હોય તેવી શક્યતા ખરી ?

જવાબ : હા, તેવી શક્યતા છે, પરંતુ તેવી જેની દશા હોય તે થોડા કાળમાં મુક્ત બની જાય ખરો.

સવાલ : સહેતુક, જ્ઞાનપૂર્વક, સ્વેચ્છાએ, સ્વસામર્થ્યથી શારીરિક તાદાત્મ્યભાવ યાને અદ્વૈતભાવની શક્તિ પોતાના દેહ ઉપર પ્રગટે અને બીજાઓનાં રોગો-દર્દો-આદિ પોતામાં વ્યક્ત કરી શકે, એવાં લક્ષણને મુક્તની સ્થિતિનું અચૂક સૂચક ચિહ્ન લેખી શકાય ખરું ?

જવાબ : જરૂર લેખી શકાય.

સવાલ : તમારા ગુરુ શ્રીબાળયોગી કે તમોને અદ્વૈતનો આખરી સાક્ષાત્કાર કરાવનાર શ્રીસાંઈબાબા ?

જવાબ : ખરા ગુરુ શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદાજી, પરંતુ શ્રીકેશવાનંદજી અને શ્રીસાંઈબાબા વગેરે એક જ ચેતનના આવિર્ભાવ હતા, તેમ શ્રીકેશવાનંદજીને બોલતા સાંભળ્યા છે.

સવાલ : તમને પ્રત્યક્ષ સાધનામાં પ્રથમ પ્રવેશ કરાવનાર તો શ્રીબાળયોગી હતા ને ? કુંભના મેળામાં મળવા દોડી ગયેલા એ પણ એમને જને ?

જવાબ : હા, તેઓ જ.

સવાલ : તમોને કદીયે એકવાર પણ સાધનાકાળમાં કે તે પછી પણ સંન્યસ્ત લેવાનો વિચાર ઊઠેલો ખરો ?

જવાબ : કદી નહિ. શરૂથી જ જીવનનો સ્વીકાર એ મારું ધ્યેય હતું.

સવાલ : આ મૌનએકાંતના ગાળામાં કેટલાક મૌનએકાંતમાં બેસનારાંઓને પ્રત્યક્ષ તમારાં દર્શન થયાંના અનુભવો તેઓ જણાવે છે. તો આ 'પ્રત્યક્ષ' એટલે માનસિકપણે કે ચર્મચક્ષુ વડે ?

જવાબ : માનસિકપણે નહિ, પણ ચર્મચક્ષુ વડે. ખુલ્લી આંખે, જાગ્રત દશામાં, સ્થૂળ સદેહે જોઈ શકે છે અને તે શક્ય છે.

સવાલ : એમ સાંભળ્યું છે, કે તમો, સાધનાકાળમાં તમારાં મળમૂત્રનો ખાવાપીવામાં ઉપયોગ સાધનાના હેતુ અર્થે ઘણા દિવસ કરેલો. એ સત્ય હકીકત છે ?

જવાબ : હા, એ સત્ય છે.

સવાલ : તે કેવી રીતે ક્યારે બધું બનેલું ? તે જો હરકત ના હોય અને જણાવી શકશો તો આભાર થશે.

જવાબ : એકવાર ગુજરાત હરિજન સેવક સંઘમાંથી એક માસની રજા લઈને મધ્ય પ્રદેશમાં સાધનાર્થે એકાંતમાં ગયો હતો. તે વેળા લગભગ ચોવીસ પચીસ દિવસ બીજો કોઈ જાતનો આહાર કે પાણી કે બીજું પીણું લીધા વિના માત્ર મારો મળ જે રોજેરોજ છેલ્લા દિવસ સુધી સહજમેળે નીકળતો, એ જ હું ખાતો અને પેશાબ જે થતો તે પીતો. આથી, શરીરની મળશુદ્ધિ પણ સારી થયેલી અને શરીરની સ્થિતિ પણ સારી થઈ હતી.

સવાલ : મળ ખાતાં સૂગ ચડતી ન હતી ? પેશાબ પીતાં તો જાણે સમજી શકાય છે, કે એટલી સૂગ ના હોઈ શકે.

જવાબ : મળમાં દુર્ગંધ લાગતી ન હતી. છાણના જેવો સ્વાદ લાગતો હતો. ઉત્કટ ભાવનાને કારણે એવું બધું શક્ય બની શકે છે.

સવાલ : આવો પ્રકાર અઘોરીની સાધનાનો પ્રકાર કહી ના શકાય ? એવી સાધના આવશ્યક ખરી ? તમોને કોઈએ સૂચવેલું કે આપમેળે કરવાનું બનેલું ?

જવાબ : જરૂર, અઘોરીનો પ્રકાર ગણી શકાય. એવી સાધના હરેકને આવશ્યક જ હોય એમ કદી ના ગણી શકાય. મને કોઈએ સૂચવ્યું ન હતું. આપમેળે જ મને તેમ કરવાને ઊગેલું.

સવાલ : એટલેથી ભૂખતરસ શમી શકતી ?

જવાબ : હા, શમી શકતી. પૂરતું થઈ રહેતું.

સવાલ : તમોને આખરી અદ્વૈતનો સાક્ષાત્કાર ૧૯૩૯માં થયા પછી મુક્તદશા તરત જ શરૂ થયેલી કે થોડો સમય વચગાળે પસાર કરવો પડેલો ?

જવાબ : દ્વૈતનો સાક્ષાત્કાર ૧૯૩૪માં થયા પછી પાંચ વર્ષે અદ્વૈતનો સાક્ષાત્કાર થયેલો અને નીરવતાનો સાક્ષાત્કાર ૧૯૩૦માં થતાં નવ વર્ષનો ગાળો વીતેલો. એમ ૧૯૩૯ના અદ્વૈતના સાક્ષાત્કાર બાદ તરત જ તે ક્ષણથી જ મુક્તની દશા પ્રવર્તે છે.

સવાલ : એક બહેનને તેના પતિ સાથે અમુક મહત્ત્વના કારણસર મતભેદ થતાં, તે બહેને તેના પતિના ઘરને તિલાંજલિ આપેલી અને જુદી રહેલી. કુટુંબ સુપ્રતિષ્ઠિત છે. કારણ મહત્ત્વનું હોવા છતાં એવું તો ન હતું કે તેનો સંતોષકારક નિવેડો ના લાવી શકાય, આ સંજોગોમાં પાછળથી તે બહેન તેમના સાસરે જવા લલચાયેલાં પણ તેમણે શ્રી... ની (એક મુક્તાત્માની) સલાહ લીધી અને તેઓશ્રીએ તે બહેનને સુમેળની ભાવના તરફ ના ખેંચતાં ઉદ્દામ સલાહ આપી. અને લોકોનો ડર ના રાખવા

તથા જીવનને અમુક રીતે વહેવડાવવાની અવહેવારુ અને વર્તનમાં તેને માટે અશક્ય એવી સલાહ આપી. પરિણામે તે બહેને છૂટાછેડા કોર્ટે ચડીને લીધા અને બંને (પિયર અને શ્વસુર) પક્ષોને છાપે ચડાવ્યા અને પ્રતિષ્ઠાહાનિ કરી. હવે, આ ટાંકણે જ્યારે બાઈ તેના શ્વસુરગૃહે જવા કંઈક મનવાળી થઈ હતી, ત્યારે જો સુમેળની ભાવનાનું સમર્થન શ્રી... થી થયું હોત, તો મને લાગે છે, કે તે બહેનનું ગાડું ચીલે પડી ચૂક્યું હોત, જ્યારે આ તો હંમેશને માટે વિચ્છેદ થઈ ગયો. બાળકોએ માતા ગુમાવી. માતાએ બાળકો ખોયાં, પતિ ખોયો, શ્વસુરગૃહ ગુમાવ્યું અને હવે તે બહેન આધ્યાત્મિક કક્ષાએ કેટલી રહી શકશે કે રહેલી હશે તે રામ જાણે. આ બાબતમાં આપનો શો અભિપ્રાય છે ?

જવાબ : શ્રી...ની એવી સલાહ અવહેવારુ જરૂર હતી. તેઓ એક મુક્ત પુરુષ ખચીત છે જ, પણ ઘણી વાર પ્રૅક્ટિકલ-વહેવારુ - નહિ હોવાના કારણે અને અમુક ઊંચી કક્ષાએથી જ વાતો કરવાની તેમની ખાસિયતને કારણે પણ જેને જે સલાહ દેવાય છે, તે તેને જીરવી શકશે કે કેમ ? તથા તે વ્યક્તિની ચાલુ જીવનની કક્ષાએ એ બંધ બેસતી થઈ શકશે કે કેમ ? તેની પરવા રાખ્યા વિના તેઓશ્રી સલાહ આપે છે, અને આવા કિસ્સાઓમાં કેટલીક વાર તે સલાહ લેનાર વ્યક્તિનું સ્થૂળ રીતે અહિત પણ થઈ જવા પૂરો સંભવ રહે છે.

જે કોઈ મુક્તાત્મા હોય છે તેઓને પોતપોતાની આગવી વ્યક્તત્વની લઢણ હોય છે. દરેક મુક્તાત્માની જીવનની સરણીપદ્ધતિ જુદી જુદી હોય છે અને દરેકની વિશિષ્ટ જુદી જુદી પદ્ધતિ પણ હોય છે. દરેક જણ તેની કને આવનાર જીવને અમુક રીતની જ સલાહ આપે તેવું કશું નથી હોતું. દરેક મુક્તાત્માના જીવનની પાછળ તેના વ્યતીત થયેલા સમગ્ર જીવનને તથા જીવનવિકાસની સાધનાને અર્થે જે રીતે અને જે ભાવનાથી અને જે ટેકૂનિકના સાધનથી મથવાનું બન્યું હોય છે, તે તે બધાંમાંથી વ્યક્ત થતું એક સહજ ધોરણ તેના જીવનમાં પ્રગટે છે. તેના તેના આધારે તે તેવી સલાહ તે તે જીવોને આપતો હોય છે. આ ઉપરાંત, જુદા જુદા દેશના અને જુદી જુદી સંસ્કૃતિમાં કેળવાયેલા જીવાત્માઓ મુક્તદશાને પામે છે, તોપણ તેની પાછળ જે તેનો અભ્યાસ અને મૂળગત સંસ્કૃતિ છે, તેનો પણ પડઘો તેવા તેવા બીજા જીવોને અપાતી સલાહમાં પડ્યા કરતો હોય છે.

સવાલ : મુક્તના હાથે અહિત થાય ખરું ? સાધારણપણે તો એવી સમજ પ્રવર્તે છે, કે મુક્ત જે કંઈ કરે, જે કંઈ સલાહ આપે તેથી સામી વ્યક્તિનું અહિત કદી ના થાય, શ્રેય જ થાય.

જવાબ : તેવું હંમેશ ના પણ બને. મુક્તને પોતાને તેવી સલાહનું બંધન ના નડે, કારણ તે સ્વયં તો સલાહ દેતો નથી. માગવા આવે છે ત્યારે અપાય છે અને તે પણ રાગદ્વેષથી પર છે, પરંતુ સલાહ જેને અપાઈ હોય તે વ્યક્તિનું તેવી સલાહથી કદીકને સ્થૂળ રીતે અહિત થવા પૂરી વકી રહી શકે છે ખરી. પ્રથમ તો સલાહ લેવા આવનારને સંપૂર્ણ શ્રદ્ધા જો હોય તો તેને શ્રદ્ધાને કારણે માનસિક શાંતિ રહે છે, પણ કોઈકની બાબતમાં તેનું સ્થૂળપણે અહિત થવાની પણ શક્યતા રહે ખરી. તેમ છતાં તેની આંતરિક શ્રદ્ધા તેને તેના શ્રેય પંથે લઈ જાય ખરી, પરંતુ ઘણા મોટા ભાગના લોકોમાં આવી પૂર્ણ શ્રદ્ધા હોતી નથી. સગડગવાળી શ્રદ્ધાને કારણે તેવી સલાહ હંમેશ શુભ ફળદાયી બને જ એમ ના પણ બને. અવહેવારુ સમગ્ર પરિસ્થિતિને અવલોક્યા વિનાની, જે સલાહ તે સંજોગોમાં અપાઈ હોય, તે ભલેને મુક્ત તરફથી તે હોય તોપણ હંમેશ હિતકર જ નીવડશે એમ ના કહી શકાય. મુક્ત-

અનુસંધાન પાના નં. ૨૧ પર

૬. સ્થળ-કાળ-ઋતુનો સ્પર્શ નહિ

– સમીરભાઈ કીકાભાઈ પટેલ

ડિસેમ્બર મહિનાના છેલ્લા અઠવાડિયાંની રાત હતી. 'આશીર્વાદ મકાન'ના ધાબા ઉપર આવેલી રૂમમાંથી તે દિવસે મકાનના નીચેના બેઠક રૂમમાં તેમના પોતાના આગ્રહથી જ ખુરશીમાં બેસાડ્યા હતા.

તે દિવસે શ્રી ચંદનબહેનના મોટા ભાઈ શ્રી બચુભાઈ હાર્ટ એટેકથી મૃત્યુ પામેલા, ઘરના મોભીનું અવસાન થયેલું. દેહને અગ્નિદાહ આપવા માટે સાંજે સાત વાગ્યા સુધીમાં લઈ જવાનું નક્કી હતું. એટલે બપોર બાદ પૂજ્ય ભાઈએ નીચે રૂમમાં જ્યાં શ્રી બચુભાઈનું શરીર સુવાડેલું ત્યાં બેઠક લીધેલ. ઘરના કુટુંબીજનો, સ્નેહીઓ ધીમા સ્વરે હરિ:ૐ ધૂન કરી રહ્યાં હતાં. ભાઈ ખુરશીમાં બેઠાં બેઠાં સાંભળી રહ્યા હતા.

ઘરના વાતાવરણમાં ઘરના મોભીના અચાનક અવસાનથી સ્વજનના વિયોગનું દુ:ખ અને વિરહની માનવસહજ સ્વભાવગત વેદના કુટુંબનાં સભ્યોનાં મોં ઉપર ઊપસી આવતી હતી. છતાં વાતાવરણ એકદમ હળવાશ-સમતાવાળું હોવાથી મૃત્યુના ભારનો ક્યાંયે અહેસાસ થયો ન હતો. મારી જાણ મુજબ બચુભાઈને અગાઉ છ વાર હાર્ટએટેક આવેલ. તેઓ પોતે માનતા કે તેમનું હાલનું જીવન કુદરતનું બોનસ જ છે.

પોતાની અચાનક વિદાય થશે એવી માનસિક તૈયારીવાળી તેમની ભૂમિકા હતી એવી મને ખબર છે. છતાં હર્યુંભર્યું કુટુંબ અને એકબીજા પ્રત્યેનું વાત્સલ્ય છોડીને મૃત્યુ આવે તે કોને ગમે ? પણ જે બનવાકારક હતું તે બન્યું.

મૃતકનું શરીર રાત્રી દરમિયાન ઘરે રાખવું પડ્યું અને ઠંડી કહે-મારા દિવસો છે. ડિસેમ્બર માસના આખરના, પવનના સુસવાટા સાથે ઠંડી તેની હાજરીનો અણસાર આપતી હતી. તેથી, શ્રી ચંદનબહેને તથા તેમના બીજાં નાના બહેન શ્રી શિલાબહેને મને ઈશારો કરીને પૂજ્ય ભાઈને ઓઢાડવા ગરમ શાલ આપી. હું શાલ લઈ પૂજ્ય ભાઈને ઓઢાડવા ગયો. મને ચોક્કસ ધ્યાનમાં હતું કે પૂજ્ય ભાઈ તો સ્થળ, કાળ, ઋતુ એમ ત્રણેય સ્વીકારનારા. એમને આવું કંઈ ઓઢવાની જરૂર ના હોય ત્યારે પૂજ્ય ભાઈ કહે, સમીરભાઈ, તમારે મને શાલ ઓઢાડવી છે ? ઓઢાડવી હોય તો ઓઢાડો પણ મારે તેની જરૂર નથી.

પવન એવો આવતો કે શાલ ઓઢાડવા જતાં થોડી આઘી-પાછી થઈ જતી એટલે હું સરખી રીતે ઓઢેલી રહે તે મુજબનો પ્રયત્ન કરતો હતો.

ફરી પૂજ્ય ભાઈ કહે, **'સમીરભાઈ મને સ્થળ-કાળ-ઋતુની અસર ના થાય. મને ઠંડી લાગતી નથી.'** મેં કહ્યું, 'ભાઈ ઓઢી રાખોને.'

પૂજ્ય ભાઈ કહે, 'બધાંનું મન સાચવવા ઓઢીશ. મને કંઈ સ્પર્શતું નથી.' પૂજ્ય ભાઈ સ્થળ, કાળ ને ઋતુની સ્વીકૃતિને સાધનાનું અંગ ગણતા.

થોડા સમય પછી બાજુના રૂમમાં પૂજ્ય ભાઈને આરામ માટે, સૂવા માટે બે વ્યક્તિ હાથ પકડીને લઈ ગયા.

ત્યાર બાદ રાત્રીના લગભગ અગિયાર વાગ્યા હશે. અમોએ સૌ કોઈ નાનાંમોટાંને આરામ કરવા માટે સૂચના આપી. સૌ આરામ માટે ગયાં.

તે સમયે હું અને શ્રી ચંદનબહેન રહ્યાં હતાં. તેમણે મને પણ આરામ માટે આગ્રહ કરેલો.

મારા મનમાં જુદું જ કંઈ રમી રહ્યું હતું. મૃતકને

શાંતિ મળે અને મને સાધન થાય તેવા વિચારથી મેં તેમને કહ્યું, 'હું તો અહીં એકલો બેસીને નામસ્મરણ ભજન-કીર્તન ધીમે ધીમે કરીશ.' તરત જ ચંદનબહેન કહે, 'હું પણ સાથે બેસીને ધૂન કરીશ.'

અમે શ્રી કલ્પના ભરતની ધૂનની કેસેટ મૂકવાનું વિચારતા હતા, પણ મને એક એવો ભાવાત્મક વિચાર-પ્રાર્થના અને અરજ સ્વરૂપે મનમાં આવી ગયો કે અખિલ બ્રહ્માંડના રોમેરોમમાં વ્યક્ત થતું ચેતનને જાગૃતપણે ધારણ કરનાર પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ જો થોડી વાર હરિઃૐ નામસ્મરણ-ધૂનમાં જોડાય તો કેવું સારું. તેમના ચેતનાયુક્ત ભાવવાળા અવાજ-વાણીના વેગ્ઝ (આંદોલનો) ને 'હરિઃૐ' શબ્દ આપણા કાન દ્વારા આપણા મનાદિકરણને સ્પર્શ અને તેમની દિવ્ય જાગૃત ચેતનાનો લાભ સૌને મળી જાય. કંઈક 'ફૂલ નહિ, ફૂલની પાંખડી, નહિ તો ફૂલની સુવાસ'તો મળી જાય.

અમો પરિવારના સૌએ સાથે બેસીને હરિઃૐ ધૂનની શરૂઆત કરી. પૂજ્ય ભાઈ પણ સાથે જોડાયા.

હરિઃૐ... હરિઃૐ...ધૂન કરી.

પૂજ્ય ભાઈ ધૂનમાં જોડાયા તેનો સંતોષ થયો.

ત્યાર બાદ શ્રી કલ્પના ભરતજીની ધૂનની કેસેટ મૂકી સવાર સુધી ધૂન-ભજન કરેલાં.

'પૂજ્ય શ્રીમોટા આપણને હવે આપણે જ્યાં હોઈએ ત્યાં મળી શકે છે. ભગવાનનું સ્મરણ એ જ એમની સમીપતા.' (પુસ્તક રેફ. 'મળાયું પણ ભળાયું નહિ' -પૃ. ૧૯૪, આ.૧)

સ્થળ-કાળ-ઋતુનો જેમને સ્પર્શ નથી એવા સમર્થ પૂજ્ય ભાઈએ અમારી ભક્તિભાવપૂર્ણ અરજ તુરંત સાંભળી ને અલૌકિકદિવ્ય **'હરિઃૐ'** ધૂનના અમે લાભાર્થી બન્યા. તે દિવ્યતાની અનુભૂતિ આજે પણ સ્મરણમાં છે.

હું હંમેશાં પૂજ્ય ભાઈને સાંભળવા અને તેઓના મુખારવિંદ ઉપરના ભાવ નિહાળવા તેમનાં દર્શને જતો. તેઓ કંઈ પૂછે કે તેઓ સાથે જે કંઈ વાર્તાલાપ થાય તેનું હું અવારનવાર મનન કરું. મારી બુદ્ધિને તેમના ઉચ્ચારેલ શબ્દો ઉપર સહેજપણ વ્યક્ત ના થવા દઉં. બસ, ભાવપૂર્વક તેમને યાદ કર્યા કરું. એક પ્રકારનો દિલમાં દિવ્ય આનંદ આવ્યા કરે. દિલ ફૂણું ફૂણું અને તરબતર થઈ જાય. મન તો હલકું ફૂલ જેવું લાગ્યા કરે. આવી સ્થિતિ થાય ત્યારે તે સ્થિતિને પકડી રાખવા સહજતાપૂર્વક અમારા વચ્ચેના વાર્તાલાપનું ફરી ફરીને માનસિક સ્મરણ કરું ને પૂજ્ય ભાઈ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું.

પૂજ્ય ભાઈ પ્રતિ વ્યક્ત પ્રાર્થનાનો પ્રતિસાદ તેઓ તરફથી અચૂક મળે છે એવા મને ઘણા અનુભવ છે.

— સમીરભાઈ કીકાભાઈ પટેલ
(હાલ યુ.એસ.એ.)

અનુસંધાન પાના નં. ૧૯ પરથી

હરેક મુક્ત-વહેવારુ જ હોય તેવું ના પણ બને. સાંસારિક ઘટનાઓમાં તેવાની સલાહ કામયાબ ના પણ નીવડે. મુક્તની વાણી ફળવાનો આધાર સલાહ લેનારની શ્રદ્ધાની ભૂમિકા તથા સ્વીકારાત્મક-ગ્રહણાત્મક શક્તિ ઉપર પણ અવલંબે છે, જે બધાંનામાં હોવા સંભવ નથી. મુક્તની સલાહ ખાસ કરીને જીવનશ્રેય યાને આત્મકલ્યાણની બાબતમાં શ્રેયસ્કર નીવડી શકે છે, જ્યારે ઐહિક કે સ્થૂળ લાભાલાભની બાબતમાં સ્થૂળ લાભ જ થાય તેમ ચોક્કસપણે ના કહી શકાય.

('જીવનદર્શન, ૧૧મી આ., પૃ. ૪૨૩ થી ૪૪૬)

૭. બાળકોને ગોંધી ન રખાય — શ્રીમોટા

સને ૧૯૧૯માં સરકારે કાળો કાયદો કર્યો. તેની સામે દેશભરમાં વાવંટોળ ઊઠ્યો.

ગામેગામ સરઘસો નીકળ્યાં ને સભાઓ ભરાઈ. 'કાળો કાયદો મુર્દાબાદ'ના નારાથી ગામો ગાજતાં થયાં. શેરીએ શેરીએ ગીતો ગવાવા લાગ્યાં :

'નહીં રખની, નહીં રખની

સરકાર જાલિમ નહીં રખની.'

દરેક ગામ અને શહેરમાં પ્રભાતફેરીઓ નીકળવા માંડી. ગાંધીજી, પંડિત મોતીલાલ નહેરુ, દાસબાપુ, લાલા લજપતરાય, સ્વામી શ્રદ્ધાનંદ જેવા દેશનેતાઓના જયજયકારથી પ્રજાશક્તિ જાગ્રત થઈ.

શ્રી ઍની બેસંટ ત્યારે મહાસભામાં પ્રમુખ હતાં. તેમણે હોમરૂલ લીગની સ્થાપના કરી અને આખા દેશમાં સરકારની સામે ચળવળ ચલાવી.

એવાં શ્રી ઍની બેસંટ એક દિવસ નડિયાદ આવવાનાં હતાં. તેમને નડિયાદની જુદી જુદી સંસ્થાઓ બતાવવાનો કાર્યક્રમ પણ રખાયો હતો. તેમાં શ્રીમોટાની હરિજનશાળાની મુલાકાતનો કાર્યક્રમ પણ રખાયો હતો.

ઘણી સંસ્થાઓમાં જવાનું હતું. એટલે દરેક સ્થળે ટૂંકમાં પતાવાય તો જ બધે સમયસર પહોંચાય, પણ આવું કાંઈ બની શક્યું નહિ ને દરેક સ્થળે મોડું થવા માંડ્યું.

શ્રીમોટાની હરિજનશાળામાં સાંજનો સમય આપેલો. તે પ્રમાણે સૌ આતુરતાથી તેમની રાહ જોતાં હતાં. એક અંગ્રેજ બાઈએ દેશનું સુકાન હાથમાં લીધું હતું. અને અંગ્રેજોને હાંકી કાઢવા હામ ભીડી હતી. આવી બાઈ હરિજનશાળામાં આવે એ તો હરિજન બાળકોનું સદ્‌ભાગ્ય ગણાય.

પણ જે સમય આપેલો તે સમયે તેઓ આવી શક્યાં નહિ. બીજી બાજુ આખો દિવસ વર્ગમાં પુરાઈને છોકરાં કંટાળી ગયાં હતાં. હવે શું થાય ?

શ્રીમોટા માથે ધર્મસંકટ આવી પડ્યું. છોકરાંને ફરજિયાત રોકવાં એ તો એમની ઉપર જુલમ કર્યો ગણાય. બાળકોને ગોંધી શકાય નહિ. શ્રી ઍની બેસંટ તો કેળવણીકાર છે. એટલે આ બાબત તેઓ સમજી શકશે એમ વિચારી શ્રીમોટાએ છોકરાંને છોડી મૂક્યાં.

થોડી વારે સ્થાનિક આગેવાનો સાથે શ્રી ઍની બેસંટ આવ્યાં પણ શાળામાં છોકરાં ન હતાં !

સ્થાનિક આગેવાનોએ ખિજાઈને શ્રીમોટાને પૂછ્યું, 'ભગત, તમે આ શું કર્યું ? હવે, શ્રી ઍની બેસંટને કેવું લાગશે ? તમને છોકરાંને છોડી મૂકવાની ના કહેવરાવી હતીને ?'

શ્રીમોટા કહે, 'શું કરું ? તમે જે સમય આપેલો તેના કરતાં મોડાં આવ્યા છો. મારાથી બાળકોને કેવી રીતે ગોંધી રખાય ? છોકરાંઓ કંઈ ઘેટાંબકરાં નથી. તમે સમય સાચવી ન શકો ને તેની શિક્ષા છોકરાંને કરું ? પૂછો શ્રી ઍની બેસંટને કે આવું થઈ શકે ખરું ?' અને શ્રીમોટાએ શ્રી ઍની બેસંટને જઈને બધી વાત કરી.

શ્રી ઍની બેસંટ તો કેળવણીકાર હતાં. તેમણે હસતાં હસતાં શ્રીમોટાને કહ્યું, 'તમે છોકરાંને છોડી મૂક્યાં તે સારું કર્યું. બાળકોને ગોંધી ન રખાય.'

('તરણામાંથી મેરુ' સા. આ. પૃ. ૫૬-૫૮)

૮. ફેરિયા તથા ઝાડુવાળા બની કૉલેજખર્ચ કાઢ્યું – સોમાભાઈ ભાવસાર

વિદ્યાપીઠમાં ભણવા ગયા તો ખરા, પણ વડોદરામાં તેમના કૉલેજ ખર્ચની જોગવાઈ થયેલી હતી. જ્યારે અમદાવાદમાં તેની જોગવાઈ નવેસરથી કરવાની હતી. ભૂખ્યા રહીને કાંઈ ઓછું ભણાય છે ? ત્યારે કૉલેજમાં ભણવાનો અને રહેવાનો ખર્ચ પણ થાય જને ?

આથી, એમનો બધો ખર્ચ નીકળે એ માટે એમણે બે કામ શોધી કાઢ્યાં. તેઓ વિદ્યાપીઠમાં રહેવા અને ભણવાના ખર્ચ બદલ વિદ્યાપીઠના વાળનારા બન્યા અને ગાંધીજીના 'નવજીવન'ના ફેરિયા બની ભોજનખર્ચ કાઢ્યું.

'નવજીવન' અઠવાડિક દર રવિવારે બહાર પડે. એટલે શ્રીમોટા આગલે દિવસે શનિવારે સાંજના જઈને એક રૂપિયાની સોળ પ્રત લેખે પોતાથી વેચાય તેટલી પ્રતો લઈ આવે.

બીજે દિવસે રવિવારની વહેલી સવારે તેઓ 'ગાંધીજીનું નવજીવન, ગાંધીજીનું નવજીવન' એવી બૂમો પાડી રસ્તા અને શેરીઓ ગજાવી મૂકે. 'ગાંધીજીનું નવજીવન' ત્યારે ખૂબ વંચાતું. પાંચ પૈસા એની કિંમત. એ રીતે બધી પ્રતો વેચી નાખે. એમાંથી તેમને બાર આના રૂપિયા જેવું મળતું. તેમાંથી તેઓ જમવાનું કરતા. કોઈ વખત જમવાના પૂરા પૈસા ન હોય તો ચણામમરા ફાકીને પણ તેઓ ચલાવી લેતા.

એકવાર ગાંધીજીએ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને કહ્યું, 'તમે ભણવાની સાથે ભણાવવાનું કામ નહિ કરો તો આપણા દેશનો અંધાપો કેવી રીતે હઠશે ?

'મારી હાકલને માન આપીને તમે કૉલેજો છોડી અહીં ભણવા આવ્યા છો તે સારી વાત છે. તમારા દેશપ્રેમની હું કદર કરું છું, પણ ભલા ભાઈઓ, ગામડાંઓમાં જઈને તમે જરા જોજો તો ખરા કે અજ્ઞાનને કારણે આપણા દેશનાં લાખો ને કરોડો ભાઈબહેનો કેવાં છેતરાય છે ?

'હું તમારી પાસે એટલા માટે આવ્યો છું કે મારી વાત તમે સાંભળો અને તમારામાંથી કોઈક જ્ઞાનની મશાલ લઈને ગામડાંઓમાં જાય અને લોકોના દિલમાં જ્ઞાનનાં અજવાળાં પાથરે.'

ગાંધીજીની આવી ભાવવાહી વાણી સાંભળીને શ્રીમોટાનું હૈયું દ્રવિત થઈ ગયું. દેશના થઈને જો દેશ માટે કામ ના કરીએ તો તે શા કામનું ? શ્રીમોટાને કવિશ્રી દલપતરામની નીચેની ચાર પંક્તિઓ યાદ આવી ગઈ :

નથી વિદ્વત્તા વાપરી દેશદાઝે,
નથી વાપરી પાઈ જો લોકકાજે,
નથી કામ કીધાં સ્વદેશાભિમાની,
વૃથા જન્મ ખોયો, કરી શી કમાણી ?

શ્રીમોટાએ વિદ્યાપીઠ છોડીને ગામડાંઓમાં સેવા કરવા જવાનું નક્કી કર્યું. આ માટે તેમણે વિદ્યાપીઠના આચાર્ય શ્રી ગિદવાણીજી પાસે ખાસ તાલીમ લીધી અને એક દિવસ ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં એમણે પડાવ નાખ્યો.

ત્યારે ગામેગામ જવા માટે સડકો ન હતી. અરે ! પૂરા કાચા રસ્તા પણ ન હતા. એક તો ભરૂચ જિલ્લો, પછાત જિલ્લો અને તેમાં વાગરા તાલુકો પછાતમાં પછાત. એમાં જોઈએ તેવાં સાધન-સગવડ ક્યાંથી હોય ? હજી તો ત્યાં કેટલાંય ગામડાં એવાં હતાં જ્યાં પોસ્ટ ઑફિસોય થઈ ન હતી. એવે સ્થળે શ્રીમોટાએ કામ કરવાનું હતું.

શ્રીમોટા પાસે હામ હતી, હૈયું હતું અને હાથપગ હતા, પણ લોકોને જ્યાં મૂળ ખાવાનાં જ સાંસાં હોય ત્યાં ભણવા કોણ આવે ? શ્રીમોટા ત્યાંથી પાછા

આવ્યા અને વિદ્યાપીઠમાં જોડાઈ ગયા.

વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને વળી ગાંધીજીએ એકવાર એવી વાત કરી કે વિદ્યાપીઠનો વિદ્યાર્થી પદવીથી નહિ પણ સેવાથી શોભે. જેઓ આવી રીતે સેવાને ઝંખી રહ્યા હોય તેમણે પદવીનો મોહ છોડી અત્યારથી જ સેવાકાર્યમાં લાગી જવું જોઈએ. ગાંધીજીએ આગળ વધીને કહ્યું કે

'દેશપ્રેમને માટે તમે કૉલેજ છોડી.

'દેશપ્રેમને માટે તમે સરકારી પદવીનો મોહ છોડ્યો.

'દેશપ્રેમને માટે તમે તમારાં આશા-અરમાનોને તિલાંજલિ આપી.

'જે દેશપ્રેમ માટે તમે આટલો બધો ભોગ આપ્યો તે દેશની સેવા કરવા માટે તમે કેમ તત્પર થતા નથી ?'

ગાંધીજીના આ શબ્દોએ શ્રીમોટા ઉપર ખૂબ અસર કરી. ત્રણ મહિના પછી જ તેમની પરીક્ષા હતી અને તે પછી તેમને સ્નાતકની પદવી પણ મળવાની હતી, પરંતુ તેમણે તેની પરવા ન કરી અને વિદ્યાપીઠ છોડીને તેઓ નડિયાદ આવી સદ્‌ગત ઈંદુલાલ યાજ્ઞિક સાથે હરિજનસેવાનાં કાર્યમાં જોડાઈ ગયા.

આ રીતે ગુજરાતમાં હરિજનકાર્યની શરૂઆત નડિયાદથી થઈ. નડિયાદમાં હરિજનશાળા થઈ. નડિયાદમાં હરિજન-આશ્રમ થયો અને નડિયાદમાં શ્રીમોટાના આવ્યા બાદ હરિજનસેવાનું કાર્ય વિસ્તરવા લાગ્યું.

એવામાં સદ્‌ગત ઈંદુલાલ યાજ્ઞિક હરિજન-સેવાનાં કાર્યમાંથી ફારેગ થયા.

('તરણામાંથી મેરુ' સા. આ. પૃ. ૫૧-૫૪)

૯. દુર્લભ દેહ મનુષ્યનો

– સંકલન : બાબુભાઈ રામી

માનવદેહનો હેતુ અને તેની રચના

મનુષ્ય શરીરનો શો હેતુ હોવો જોઈએ તેનું જ્ઞાન, ભાન જાગવું જોઈએ. દેવયોનિ ઉત્તમ છે. છતાં મનુષ્યજન્મ ઉત્તમ-દોહ્યલો કહેવાય છે તો શા માટે તેમ કહેવાયું છે ? કારણ **મનુષ્યજન્મથી જ જ્ઞાન ઉત્પન્ન** થાય છે. મનુષ્યયોનિમાં દ્વંદ્વની રચના છે. એટલે સામસામાં જોડકાં સુખ-દુઃખ, લાભ-ગેરલાભ, અનુકૂળતા-પ્રતિકૂળતા, સત્-અસત્ વગેરે સામસામી બાજુએ છે. **એવું જ્ઞાન મનુષ્યયોનિમાં જ થઈ શકે** એથી સમજણ પ્રગટે. સીધી સ્થિતિમાં કદી પણ સમજણ પ્રકટે છે ? **દેવયોનિમાં એટલું સુખ ભોગવવાનું હોય છે કે ત્યાં સમજણ પ્રગટતી નથી.** જ્યાં ઘર્ષણ છે, ત્યાં બુદ્ધિ વિચાર કરવા લાગી જાય છે. કોઈ માનવી સાથે સમતાભર્યો બહુ વ્યવહાર કર્યો હોય અને પછી કોઈ કારણે ઘર્ષણ થાય, તો એની પ્રકૃતિ આપણી ઉપર તરત જ તપી જાય છે. ઘર્ષણ થાય છે ત્યારે એ કેવો છે અને હતો તેના વિચારો આવે છે. **માટે દ્વંદ્વની રચના સમજણ પેદા કરવા માટે છે. આવી રચના ફક્ત મનુષ્યયોનિમાં જ છે. ચેતનની સમજણ પ્રગટે એ માટે કર્મ છે.** પણ તે નિરાસક્ત, નિરહંકારી, નિર્મમત્વભાવે થઈ શકે તો જ બને. એ તો કોઈ રામકૃષ્ણ, નામદેવ જેવા સંત લોકો જ તેવી રીતે કર્મ કરી શક્યા છે.

(મૌ. મં. હરિદ્વાર, પા. ૪-૫)

માનવ દેહમાં મનુષ્ય શરીરમાં પણ પાંચ તત્ત્વો (અગ્નિ, વાયુ, જળ, પૃથ્વી, આકાશ) મળેલાં છે. આપણું શરીર ગરમ રહે છે. એ તેજ તત્ત્વની એટલે કે અગ્નિની સાબિતી છે. એ પ્રત્યક્ષ હકીકત છે. શરીરમાં વાયુ, જળ અને પૃથ્વી છે એટલું તો સમજાય છે. પણ આકાશ તત્ત્વ છે એ સમજાતું નથી. પણ એ તત્ત્વ છે એ હકીકત છે. માનવદેહમાં ચેતન રહેલું છે. એ શરીર, જીવ કે પ્રાણ કરતાં ઊંચું તત્ત્વ છે. વળી માનવ શરીરમાં મન, બુદ્ધિ, પ્રાણ અને

અહમ્ પણ છે.

(મૌ. મં. હરિદ્વાર, પા. ૩૯)

માનવ જીવનની વાસ્તવિકતાઓ

પશુ, પક્ષી, જળચર વગેરેને પણ આનંદની પ્રવૃત્તિ ગમે છે. જો કે તેઓ મનુષ્ય કરતાં વધારે વિકાસ નથી પામ્યાં. **મનુષ્યયોનિ એ વિકાસ પામેલી યોનિ છે.** પશુ-પ્રાણીમાં સુખદ લાગણી વિકસ્યા કરે છે. એ લોકોને પ્રયત્ન નથી કરવો પડતો. સામી બાજુએ એ લોકોમાં વેરની ભાવના પણ છે. મનુષ્યને કુદરતે જે ધર્મ આપ્યો છે તેને સંતોષવા માટે પ્રકૃતિ છે. આપણે સળંગ રીતે એવું કશું ભોગવતાં નથી. **પશુ-પક્ષી આદિ લોકોમાં આપમેળે સંયમ રહેલો છે.** મનુષ્યની બુદ્ધિનો આંતરિક વિકાસ થયેલો છે. મનુષ્યમાં મન, બુદ્ધિ, પ્રાણ, ચિત્ત, અહમ્ છે. પ્રાણીમાં બુદ્ધિ, મન ખીલેલાં નથી. પ્રાણ છે, ચિત્ત પણ છે. કામવૃત્તિ અમુક કાળ પૂરતી સંયોગની ભૂમિકામાં પ્રકટે છે. **મનુષ્ય પ્રાણી જ એવું છે કે જેના બુદ્ધિ ચિત્ત, પ્રાણનો વિકાસ થયેલો છે.** પણ એ વિકાસ શું કામનો? મનુષ્ય તેને નકારાત્મક વૃત્તિઓને પોષવામાં જ વાપર્યો છે અને એમાંથી જ આનંદ લે છે, પણ તે હંમેશાં ટકતો નથી. **જે કામની પાછળ લોલુપતા, આશા વગેરે ઘૂઘવાતું રહેલું હોય છે એને કામ કહે છે. જેના કામ થાય તેને જ ક્રોધ થાય અને બુદ્ધિ બગડે. જેમ દૂધમાં મેળવણ નાખીએ એટલે દહીં થાય છે, તેમ બુદ્ધિ બગડે એટલે સર્વનાશ થાય.** અનુભવી લોકોએ જોયું કે આ ન થાય તો જ બચાય. **કામ, ક્રોધ, લોભ, મત્સર આમાંની એક પણ દાખલ થાય તો આખું ટોળું આવે.** એને કારણે અશાંતિ, તાપ, વેદના બધું થાય. આનંદ ન થાય. ચેન ન પડે એવું થાય. (મૌ. એ.ની કેડીએ, પા. ૧૦૭-૧૦૮)

સૂક્ષ્મશરીરના નામસ્મરણથી અનુકૂળતાવાળું શરીર પ્રાપ્ત થાય

માણસના મરણ વખતે સ્થૂળ શરીરની નસેનસ છૂટી પડે છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્. આ સ્થૂળ સાથે સંકળાયેલા છે. સ્થૂળની ચેતના એના અસ્તિત્ત્વના મીટવાની અણી પર આવે છે, ત્યારે સૂક્ષ્મ કરણો વિખૂટાં પડે છે. એ વખતે સૂક્ષ્મ શરીર મોખરે હોય છે. સ્થૂળ શરીરની પકડ રહેતી નથી. જે સૂક્ષ્મ શરીર છે એ ભગવાનનું નામ લે છે. એ નામસ્મરણના સંસ્કાર એટલા બધા પ્રબળ-બળવાન હોય છે કે એને લીધે એક જાતની અનુકૂળતાવાળું શરીર પ્રાપ્ત થાય છે.

(મૌ. મં. હરિદ્વાર, પા. ૧૦૨)

જીવન અનંત, મૃત્યુ અકસ્માત

હું તો જીવનને અનંત માનું છું અને મૃત્યુ એ તો માત્ર અકસ્માત છે. **મૃત્યુને લીધે જીવનની અખંડતા અને સળંગતા તૂટતાં નથી હોતાં.** તેથી તો શરીરનો ફરી જન્મ થવો શક્ય હોય છે. મૃત્યુને વશ કરેલું છે એવો તો આ જીવ ન કહેવાય, કારણ કે તો તો મૃત્યુ આવે જ નહિ. શરીર ધારણ કરેલું છે એટલે તે શરીર તો જવાનું જ છે, એ નિશ્ચિત હકીકત છે. પરંતુ એને લંબાવવું શક્ય છે. અનંતકાળ સુધી શરીર ટકે એવી શક્યતા નથી. એટલે સાધનાના ક્ષેત્રમાં શરીરનું મમત્વ અને મડાગાંઠ તૂટવી એ મુશ્કેલમાં મુશ્કેલ હકીકત છે અને એ મડાગાંઠ તોડાવવાને માટે જ સદ્‌ગુરુએ આ જીવને કરાંચીમાં નાગો ફેરવ્યો હતો.

(કેન્સર સામે, પા. ૨૭)

શરીરની સમગ્રતા, સળંગતા જળવાય છે

જો કે આજ કાલ શરીરને જવાપણું તો રહેલું છે તે હકીકત છે. તેમ છતાં તે સાથે સાથે શરીરની પણ સળંગતા અને સમગ્રતા એકધારી કદી તૂટી જતી નથી હોતી અને તેથી તો શરીરનો ફરી જન્મ થવો શક્ય હોય છે. તેથી મને તો શ્રીહરિની પ્રાર્થનામાં અનંત શક્યતા રહેલી અનુભવાય છે. માટે એનો આશરો કદી આ જીવ તો છોડી શકતો નથી.

(કેન્સર સામે, પા. ૮)

શરીરની જરૂર

શરીરને કોઈ જાતની તકલીફ ન પડે તેની તો ઘણી ઘણી કાળજી રાખજો. **'તમે અમોને દેવના દીધેલાં છો'** માટે કૃપા કરીને શરીરની જાળવણી પૂરેપૂરી રાખવાની છે. અમારે શરીરને અમર રાખવું નથી. **પણ જે હેતુ માટે મળ્યા છીએ તે હેતુનું જ્ઞાન જગાડવાને માટે શરીર જરૂરનું છે. તેથી તમારે હરિસ્મરણ ઘણું ઘણું કરવાની જરૂર છે.**

(કેન્સર સામે, પા. ૧૫)

જન્મદિનનું મહત્ત્વ

માનવીના શરીરનું માહાત્મ્ય ઘણું ઘણું છે. એવું એનું માહાત્મ્ય ને રહસ્ય સમજાય તે કાજે જ જન્મદિવસનું આપણામાં મહત્ત્વનું સ્થાન છે. **આ મળેલા શરીરથી જ તે, જે તે કરી શકતો હોય છે.** શુભ અને અશુભ કર્મ પણ એના વડે જ જીવ કરી શકે છે. તે **શરીર વડે જ જીવ કાં તો વધારે બંધાતો હોય છે કાં તો વધારે મુક્ત થતો જતો હોય છે.**

શરીર છે ત્યાં સુધી જીવની ભોગક્રિયા તો ચાલુ રહેવાની જ, પરંતુ તેવી તેવી ક્રિયામાં જે જીવ બળિયો, રસિયો ને ચેતેલો થયેલો છે, તેવો જીવ તો તેમાં કોઈ અનોખી રીતે જ પ્રવર્તતો હોય છે. જીવ જો કરી શકતો હોય છે, તો તે શરીરને કારણે જ; તેથી **શરીરનું મહત્ત્વ દિલમાં પૂરેપૂરું જાગ્રત અને સચેતન બને તો જન્મદિવસનું ભાન થવું તે યોગ્ય પ્રકારનું ગણાય**; પરંતુ એ રીતે શરીરના જન્મદિવસને આપણે કોઈ ખ્યાલમાં રાખતા નથી.

(જીવન પ્રેરણા, પા. ૮૬-૮૭)

જન્મદિન ઊજવવાનું રહસ્ય

મનુષ્યદેહને બહુ દોહ્યલો કહ્યો છે. ચૌદ પ્રકારની યોનિઓમાં ચેતનનો અનુભવ થવો બહુ મુશ્કેલ છે. ફક્ત એ મનુષ્યશરીરથી જ એ અનુભવ પ્રાપ્ત થાય છે. આ દોહ્યલું મનુષ્યશરીર જે મળેલું છે એનાથી કરીને જ ચેતનનો અનુભવ થઈ શકે છે. એનાથી એટલે કે મનુષ્યશરીરથી જ આ શક્ય છે. એટલું એનું મહત્ત્વ છે. એ **મહત્ત્વ સમજાય એવી આપણી બુદ્ધિ સમજણવાળી, ગતિવાળી, ક્રિયાશીલ, સંવેદનવાળી થાય એટલા માટે** આ જન્મનો ઉત્સવ ઉજવવાની રીત છે.

(મૌ. મં. પ્રા. પ્ર., પા. ૬૧)

મનુષ્યશરીરનું ઘડતર દર સાત વર્ષે બદલાય

શરીરનું બીજું મહત્ત્વ (રહસ્ય) એ છે કે આપણા શરીરનું ઘડતર દર સાત વર્ષે બદલાય છે. એટલે સાત વર્ષ પૂરાં થાય ત્યારે એનું એક સાથે બધું બદલાઈ ન જાય પણ દરેક વર્ષે અને દરેક દિવસે એ બદલાવાની ક્રિયા ચાલતી હોય છે. **એટલે શરીરના જન્મદિવસથી એના અણુપરમાણું અને કોષો બદલાય છે.** એની ખબર પણ પડે. પણ એનો કોઈ જાણકાર હોય તેને જ. સર્જન ડૉક્ટર હોય તેને જ્યારે નસ્તર મૂકવું હોય ત્યારે શરીરમાં અમુક અવયવ ક્યાં છે તેની એને સમજ છે અને તે મુજબ જ એ નસ્તર મૂકે છે. એટલે એના જે જાણકારો હોય તેને જ એની ખબર પડે છે, બીજાને નહિ. (મૌ. મં. પ્રા. પ્ર., પા. ૬૩)

મનુષ્યજીવનમાં "તાળુ" ખૂલવાનો પ્રસંગ એટલે શું ?

ઘણા લોકોના મનમાં તર્કદોષ થાય છે કે નવા અર્થ શું ? વળી આ દિવસનું તૂત શું ? એનું રહસ્ય એ કે પરગામ ગયા હોઈએ અને આપણા ઘરને તાળું મારેલું હોય ત્યાં સુધી ઘરમાં જવાય નહિ. તેમાંયે ચાવી ખોવાયેલી હોય એકદમ મળી જાય અને બારણાનું તાળું ઊઘડે તો ગમે ત્યારે ઘરમાં દાખલ થઈ શકાય. તેમ જ આપણા શરીરની જે બધી બાહ્ય ઇન્દ્રિયો છે તેમ જ અંદરના પાંચ-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ કરણો છે એમાં અનેક પ્રકારની મડાગાંઠો છે. એમાંથી **સંપૂર્ણ મુક્ત થાય ત્યારે આ સાધનાના પ્રદેશમાં કે ભગવાનના માર્ગમાં પ્રવેશી શકાય, તાળું ખૂલવાનો પ્રસંગ** એટલે આવા જે મહાત્માઓ જે ચેતનની નિષ્ઠામાં પ્રગટે તેઓ જે દિવસે તાળું ઊઘડે પછી એ ગમે ત્યાં પ્રવેશી શકે છે. એ તાળું ઊઘડવાનો એમનો કાળ તેમનો નવો અવતાર છે. (મૌ. મં.પ્રા. પ્રતિ, ૬૩)

The Bombay Public Trust Act, 1950
Schedule VIII (Vide Rule 17 (1)

Name of the Public Trust : HARI OM ASHRAM, NADIAD
Trust Registration Number : E/1301/KAIRA **Registration date :- 30th March 1962**
Address : HARI OM ASHRAM, Post Box No.74, Nadiad - 387 001

Balance Sheet as at 31st March, 2026

Funds and Liabilities	Rs.	Rs.	Property and Assets	Rs	Rs.
Trust Funds or Corpus			**Movable & Immovable Properties**		
Balance as per last Balance Sheet	98,20,858		Balance as per last Balance Sheet	1,64,67,115	
Add : Addtion during the year	-	98,20,858	Additions during the year	98,147	
			Less : Assets Discard	-	1,65,65,262
Other Earmarked Funds			**Investments**		-
(Created under the provisions of the trust deed or scheme or out of the			**Loans: (Secured or unsecured)**		
Earmarked fund(as per Schedule-A)	1,63,33,754		Loan Scholarships	-	
Depreciation Fund(as per Schedule-B	96,68,446		Other Loans	-	
Sinking Fund	-				
Reserve Fund	-		**Advances**		
Any Other Fund	-	2,60,02,200	To Trustees		
			To Employees		
Loans (Secured or Unsecured)			To Contractors		
From Trustees	-		To Lawyers		
From Others		-	To Others- (As per Schedule-C)	17,73,154	17,73,154
Liabilities			**Income Outstanding :**		
For Maun Room Deposit	2,51,051	-	Rent		-
	-	2,51,051	Other Income		-
For Sundry Credit Balances	24,780				
Provisions- TDS	-	24,780	**Cash & Bank Balances**		
			Current A/c or Fixed Deposit & Saving Accounts	2,90,71,990	
			In F.C.R.A account no.	-	
			Cash on hand (As per Schedule- D)	4,972	2,90,76,962
Income & Expenditure Account			**Income & Expenditure account**		
Balance as per last Balance Sheet	92,75,719		Balance as per last Balance Sheet	-	
Add.: Surplus/Less :Deficit			Add.: Deficit/(Less) :Surplus	-	
as per Income & Expenditure A/c	20,40,769	1,13,16,488	as per Income & Expenditure A/c		-
Total		4,74,15,378	**Total**		4,74,15,378

~~As per my report of even date~~ - * ~~Income Outstanding~~ ~~(if A/cs. are kept on cash basis)~~

The above Balance Sheet to the best of our belief contains true account of the Funds and Liabilities and of the Property and Assets of the trustee.

For M.R.Pandhi & Associates
Chartered Accountants
Firm Registration Number : 112360W
Address: C-1108, The First, Near Keshavbaug Party Plot, Beside ITC

A.R.Devani
Partner
Membership No: 170644
UDIN - 26170644FSHDBR1611
Ahmedabad, September 12, 2026

For Hariom Ashram Nadiad

Jitendra Amin
Hari Om Ashram, Post Box No.74, Nadiad - 387 001

Trustee

Nadiad, August 31, 2026

M.R.PANDHI & ASSOCIATES CHARTERED ACCOUNTANTS FRN-112360W AHMEDABAD

The Bombay Public Trust Act, 1950
Schedule IX (Vide Rule 17 (1)

Name of the Public Trust : HARI OM ASHRAM, NADIAD
Trust Registration Number : E/1301/KAIRA **Registration date :- 30th March 1962**
Address : HARI OM ASHRAM, Post Box No.74, Nadiad - 387 001

Income & Expenditure Account for the year ending on 31st March 2026

Expenditure	Rs.	Rs.	Income	Rs	Rs.
To Expenditure in respect of properties			**By Rent**		
Rent, taxes, cesses		-	Accrued	-	
Repairs and maintenance		47,15,637	Realised	-	-
Insurance		24,586			
Other expenses (Land Mehsul & Land Measurement Expenses)		-	**By Interest**		
			On IT refund	14,835	
To Establishment expenses					
As Per Schedule-G		5,75,076	**On Securities**	-	
To Remuneration to Trustees			**On Bank Accounts**	18,98,951	19,13,786
To Legal expenses		10,000			
To Audit fees		26,000			
To Contribution and fees		28,564			
To Amounts written off			**By Dividends**		
(a) Bad debts					
(b) Loan scholarships			**By Donations in cash or in kind**		
(c) Irrecoverable rents			As Per Schedule-E	-	95,89,893
To Miscellaneous expenses			**By Grants**		
As Per Schedule-H		18,508			
To Depreciation			**By Income from other sources**		28,749
As per Schedue-B		9,76,160	As Per Schedule-F		-
To Amounts transferred to reserve or specific funds		-			
" Donation to Other trusts		-			
To Expenditure on objects of the Trust					
(a). Religious	-				
(b). Educational	-		**By Transfer from Reserve**		
(c) Medical relief					
(d). Relief of poverty	-				
(e) Other charitable objects					
(As Per Schedule-I)	31,17,128	31,17,128			
			By Deficit carried over to		
To Surplus carried over to Balance Sheet		20,40,769	**Balance Sheet**		-
Total		1,15,32,428	**Total**		1,15,32,428

As per my report of even date

For M.R.Pandhi & Associates
Chartered Accountants
Firm Registration Number : 112360W
Address: C-1108, The First, Near Keshavbaug Party Plot, Beside ITC Narmada Hotel, Vastrapur, Ahmedabad-380015. Ph. No. 40395890

A.R.Devani
Partner
Membership No: 170644
UDIN - 26170644FSHDBR1611
Ahmedabad, September 12, 2026

M.R.PANDHI & ASSOCIATES CHARTERED ACCOUNTANTS FRN-112360W AHMEDABAD

For Hariom Ashram Nadiad

Jitendra Amin
Hari Om Ashram, Post Box No.74, Nadiad - 387 001

Trustee

Nadiad, August 31, 2026


હરિ : ૐ
પૂજ્ય શ્રીમોટાનો ૧૨૯મો અવતરણ દિન
(તા. ૪/૧૦/૨૦૨૬) જન્મોત્સવ ભગત બીડી પરિવાર (નરોડા)
હરિ:ૐ
પૂજ્ય શ્રીમોટા



















પૂજ્ય શ્રીમોટાનો ૧૨૯મો અ




(તા. ૪/૧૦/૨૦૧૮)
હરિ:ઓઁ




પૂજ્ય શ્રીજીબાપાનો ૧૨૯મો અવતરણ


પૂજ્ય શ્રીજીબાપાનો ૧૨૯મો અવતરણ દિન
(નરોડા)


હરિ : ઓઁ
પૂજ્ય શ્રીજીબાપાનો ૧૨૯મો અવતરણ દિન
જન્મોત્સવ
(નરોડા)
હરિ:ઓઁ







તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ ને દશેરાના દિવસે
હરિૐ આશ્રમ, નડિયાદ ખાતે
ધજારોહણ કાર્યક્રમ યોજાયો તેની ઝલક...

(Printed Matter)
Bi-monthly RNI No. GUJGUJ/2018/76364

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL